# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7|Issue-306|AD-2024,ShravanSud-04|Thursday,Dt.08-08-2024|Editor:VasantMovliya:Phone:(02792)225225|E-mail:sanjognews@gmail.com|Page-08Price:Rs.3-00




## રાતોરાત વજન વધી જતા ગોલ્ડનું સપનું ચકનાચૂર

# વિનેશ ફોગાટ ફાઇનલમાંથી ડિસ્ક્વોલિફાઇડ

(એ.આર. એલ),પેરિસ,તા.૭

ભારતીય રેસલર વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે ગોલ્ડનું સપનું સજાવ્યું હતું. જોકે, આજે કરોડો ભારતીયોનું સપનું ચકનાચૂર કરી દીધું છે. વિનેશ ફોગટ ૫૦ કિલોગ્રામની શ્રેણીમાં મેચ રમી રહી હતી.

ઓલિમ્પિકની કમિટીએ વિનેશ ફોગાટને ઓવરવેઈટ ગણીને ડિસ્કોલિફાઈડ કરી દીધી છે. ૫૦ કિલોગ્રામની શ્રેણીમાં રમી રહેલી વિનેશ ફોગાટનું રાતોરાત વધી ગયું વજન? ઓલિમ્પિક કમિટીએ ફોગાટને ઓવરવેઈટને કારણે ગેરલાયક ઠેરવી હોવાનું સામે આવ્યું. એવું માનવામાં આવે છે કે તે વધુ વજનના કારણે અયોગ્ય બની ગઈ છે. આ સાથે જ ૧૪૦ કરોડ ભારતીયોના દિલ તૂટી ગયા છે. ભારતીય ઓલિમ્પિક સંઘે વિનેશ ફોગાટને લઈને આ વાતની પુષ્ટિ કરી છે. એસોસિએશન દ્વારા એક સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું, 'તે ખેદજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરવાના સમાચાર શેર કરી રહી છે. આખી રાત ટીમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. ટીમ આ સમયે વધુ કોઈ ટિપ્પણી કરશે નહીં. ભારતીય ટીમ તમને વિનેશની ગોપનીયતાનું સન્માન કરવાની વિનંતી કરે છે. વિનેશ ફોગાટની મેડલ મેચ ૧૨ કલાક બાદ યોજાવાની હતી. મંગળવારે તેની જીતની હેટ્રિક બાદ મેડલ નિશ્ચિત જણાતો હતો. પરંતુ ફાઈનલ મેચના ૧૨ કલાક પહેલા ભારત માટે આ ખરાબ સમાચાર સાંભળવા મળ્યા છે. વિનેશ ફોગાટને સમગ્ર ભારતમાંથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. પરંતુ સોનાની આશા ફરી એકવાર ઠગારી નીવડી છે.

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ કે જેણે ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતવાની ખાતરી આપી હતી અને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો તેમને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. હવે આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઈઓએને આ મામલે કડક વાંધો ઉઠાવવાનું કહ્યું છે. વડાપ્રધાન મોદીએ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા સાથે વાત કરીને માહિતી માંગી છે. મોદીએ આ સ્થિતિમાં તમામ વિકલ્પો પર વિચાર કરવા કહ્યું છે. આ સાથે મોદીએ વિનેશ ફોગાટને અયોગ્ય ઠેરવવાને લઈને પેરિસ ઓલિમ્પિક કમિટી સમક્ષ વિરોધ નોંધાવવાનું કહ્યું છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિનેશની ગેરલાયકાત બાદ એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં વિનેશની રમતના વખાણ કરતાં તેમણે મેડલ ગુમાવવા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો. તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા સ્રોત છો. આજના સમાચારથી દુઃખ થયું છે. હું ઈચ્છું છું કે, હું શબ્દોમાં વ્યક્ત કરી શકું કે હું અત્યારે કેટલો નિરાશ છું. પણ હું જાણું છું કે તમે ફરી પાછા આવશો. પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવો એ તમારા સ્વભાવમાં છે. અમે બધા તમારી સાથે છીએ.

# સનાતન માટે એક થવું પડશે, પાડોશી દેશોમાં હિન્દુઓની હત્યા થઇ રહી છે : યોગી આદિત્યનાથ

(એ.આર. એલ), લખનૌ,તા.૭

બાંગ્લાદેશમાં અશાંતિ અને ત્યાં લઘુમતીઓ પર થતા અત્યાચાર અંગે યોગી આદિત્યનાથે બાંગ્લાદેશનું નામ લીધા વિના કહ્યું કે આજે પાડોશી દેશોમાં હિંદુઓને શોધીને મારી નાખવામાં આવે છે. મઠો અને મંદિરોને તોડી પાડવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે આપણે ઈતિહાસમાંથી શીખવું પડશે અને સનાતનની રક્ષા માટે એક થવું પડશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે દિગંબર અખાડા ખાતે રામ મંદિર ચળવળના મેગાસ્ટાર રામચંદ્ર દાસ પરમહંસની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.



તેમણે કહ્યું કે તેમનું સમગ્ર જીવન રામ જન્મભૂમિને સમર્પિત છે. તેમણે રામ મંદિર માટે પોતાનું જીવન મિશન બનાવ્યું. પરમહંસની પ્રતિમાને જોઈને એવું લાગતું હતું કે તેઓ કંઈક કહેવાના છે. મને પ્રતિમા સ્થાપિત કરવાનો લહાવો મળ્યો.

તેમણે કહ્યું કે ગોરક્ષપીઠ અને દિગંબર અખાડા એકબીજાના પૂરક છે. તત્કાલીન મહંત દિગ્વિજય નાથના માર્ગદર્શન હેઠળ ચળવળમાં તેઓ અગ્રણી હતા. આજે અયોધ્યાના લોકોને દેશભરમાં સન્માન મળી રહ્યું છે, સન્માન માત્ર આપવાને બદલે સુરક્ષિત રાખવું પડશે.

# તખ્તાપલટ પાછળ અમેરિકાનો હાથ? : શેખ હસીનાના વિઝા રદ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

આખી દુનિયામાં જ્યારે કોઈ પણ ઘટના ઘટે કે મામલો સામે આવે ત્યારે અમેરિકાનું નામ ન આવે તેવું ભાગ્યે જ બનતું હશે. બાંગ્લાદેશમાં પણ જે રીતે તખ્તાપલટ થયો તેમાં પણ અમેરિકાનું નામ સામે આવી રહ્યું છે. ઈઝરાયેલ-હમાસ, રશિયા-યુક્રેન, ભારત-પાકિસ્તાન, ચીન-તાઈવાન, અઝરબૈજાન-આર્મેનિયા જેવા દરેક મામલે અમેરિકાની કોઈને કોઈ રીતે ભૂમિકા સામે આવતી હોય છે. હવે બાંગ્લાદેશમાં પણ જે રીતે શેખ હસીનાને તત્કાળ દેશ છોડીને ભાગવાનો વારો આવ્યો તેમાં પણ અમેરિકાનો કોઈ ખતરનાક પ્લાન હોવાનું કહેવાય છે.

સમગ્ર દુનિયામાં પોતાના વર્ચસ્વની લડાઈ લડી રહેલું અમેરિકા હંમેશા એ તાકમાં રહે છે કે કોઈને કોઈ રીતે ક્યાંય પણ તેનો કબજો થાય, તેની તાકાત વધે, સમગ્ર દુનિયામાં તેના નામનો



ડંકો વાગે, એટલે જ તો અમેરિકા બાંગ્લાદેશને તોડવા માંગતુ હતું, આવું અમારું કહેવું નથી પરંતુ બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાએ પોતાના એક નિવેદનથી સમગ્ર દેશ દુનિયાને ચોંકાવી હતી. બાંગ્લાદેશના તે વખતના પીએમ શેખ હસીનાનું કહેવું હતું કે અમરિકા અમને તોડવાની કોશિશ કરી રહ્યું છે.


# ન તો હાઈકોર્ટ કે ન તો સુપ્રીમ કોર્ટ, દેશમાં બંધારણ સર્વોચ્ચ છે : મુખ્ય ન્યાયમૂર્તિ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે આજે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશની સર્વોચ્ચ અદાલત સામેની ટીકાની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, બંધારણીય બેન્ચે હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચ દ્વારા કરવામાં આવેલા અવલોકનોને હટાવી દીધા હતા અને કહ્યું હતું કે તે 'નિંદાપાત્ર અને અયોગ્ય' છે.

બેન્ચે એમ પણ કહ્યું કે દેશમાં બંધારણ સર્વોચ્ચ છે. ન તો હાઈકોર્ટ કે ન તો સુપ્રીમ કોર્ટ. સુનાવણી દરમિયાન, કેસના સુઓમોટો સંજ્ઞાન લેનારી ખંડપીઠે કહ્યું કે તે હાઈકોર્ટના જજની ટિપ્પણીઓથી દુઃખી છે. ખંડપીઠે કહ્યું કે સર્વોચ્ચ અદાલતના આદેશમાં ઘણી બાબતો અંગે બિનજરૂરી ટિપ્પણીઓ કરવામાં આવી છે.

જો કે, સીજેઆઈ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે આ ટિપ્પણીઓ માટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના



ન્યાયાધીશ રાજબીર સેહરાવત સામે કાર્યવાહી શરૂ કરવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયિક શિસ્તનો ઉલ્લેખ કરતાં, બેન્ચે કહ્યું કે ભવિષ્યમાં તે અપેક્ષા રાખે છે કે હાઈકોર્ટ કેસો સાથે વ્યવહાર કરતી વખતે વધુ સાવચેત રહેશે.

હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ રાજવીર સેહરાવતે સુપ્રીમ કોર્ટના એ મતને ફગાવી દીધો હતો કે તે હાઈકોર્ટ કરતા બંધારણીય રીતે શ્રેષ્ઠ છે. ૧૭ જુલાઈના આદેશમાં, જસ્ટિસ સેહરાવતે હાઈકોર્ટ દ્વારા શરૂ કરાયેલી તિરસ્કારની કાર્યવાહીમાં સ્ટે ઓર્ડર આપવા બદલ સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી અને સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપના અધિકાર પર પણ સવાલ ઉઠાવ્યા હતા.













# જાફરાબાદના ટીંબી-હેમાળ વચ્ચે અકસ્માત: એકનું મોત, બે ઘાયલ

**કાર ચાલકે ગાયને અડફેટે લેતા બે ગાયના મોત નિપજયા**

જાફરાબાદ,તા.૭

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર સૌથી વધુ અકસ્માતની ઘટનાઓ સામે આવે છે. મોડી રાતે જાફરાબાદ તાલુકાના ટીંબી હેમાળ વચ્ચે દીવ તરફથી પુરપાટ સ્પીડે આવતી સ્વિફ્ટ કારે હેમાળ ટીંબી વચ્ચે ૩ જેટલી ગાયોને અડફેટે લેતા ૨ ગાયના મોત થયા છે. જ્યારે ૧ ગાય ઈજાગ્રસ્ત થઈ છે.

સ્વિફ્ટ કારમાં સવાર



૪ વ્યક્તિઓને ૨ ૧૦૮ની મદદથી જાફરાબાદ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રાઈવર સરદારસિંહ બળવંતસિંહ ઝાલાનું સારવાર દરમ્યાન મોત થયું છે. તો અન્ય ૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને લઈ નાગેશ્રી પોલીસ પણ દોડી આવી અને તપાસ હાથ ધરી હતી.

# ધારીનાં મોરઝર ગામે સિંહણે ગાયનો શિકાર કરતાં ફફડાટ

ધારી, તા. ૭

ધારી તાલુકાના મોરઝર ગામે અવાર-નવાર વન્યપ્રાણીઓના આંટાફેરા થતાં હોવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. ધારી તાલુકાના મોરઝર ગામે સિંહોએ આ ગામમાં જાણે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હોય તેમ શિકારની શોધમાં



તસવીર : સંજય વાળા

છાશવારે શિકાર કરવા ધસી આવે છે. જેમાં ગત રાત્રીના અઢી વાગ્યે એક સિંહણ મારણ કરવા ગામમાં ઘૂસી આવી હતી. ગામમાં રહેતા હનીફભાઈ પઢીયારના ઘર પાસે સિંહણે એક ગાયનો શિકાર કર્યો હતો.

મોરઝર ગામની આસપાસ સિંહોની વધારે વસ્તી હોવાથી સિંહો ગમે ત્યારે ગામમાં ઘૂસી મારણ કરતાં હોવાથી પશુપાલકોમાં ભયનો માહોલ છવાયો છે.

# અમરેલીમાં શ્રાવણ માસ દરમિયાન માંસની દુકાનો બંધ રાખવાની માંગ

**આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવ્યું**

અમરેલી, તા.૭

અમરેલીમાં શ્રાવણ માસમાં માંસ-મટનની દુકાનો બંધ રાખવાની માંગ સાથે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવ્યું છે. સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું કે, શ્રાવણ માસ પવિત્ર ગણાય છે અને આ સમય દરમિયાન માંસ-મટનની દુકાનો ખુલ્લી રાખવાથી હિન્દુઓની લાગણીને ઠેસ પહોંચે છે. તેથી, શ્રાવણ માસ દરમિયાન માંસ-મટનની દુકાનો બંધ રાખવાની માંગ કરવામાં આવી છે. જો આ માટે કોઈ કાર્યવાહી નહીં થાય તો આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આંદોલન કરવામાં આવશે.

# બગસરામાં ટીઆરબી જવાનો મોબાઈલમાં વ્યસ્ત, ટ્રાફિક સમસ્યાથી લોકોને હાલાકી

બગસરા, તા.૭

છેલ્લા કેટલાક સમયથી બગસરા શહેરમાં, ખાસ કરીને શાક માર્કેટ અને તાલુકા શાળા વિસ્તારમાં, ગંભીર ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ સમસ્યા દિવસે દિવસે વધુ વિકટ બનતી જાય છે, પરંતુ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ટ્રાફિક નિયમન માટે નિયુક્ત કરાયેલા ટી.આર.બી. જવાનો તેમની ફરજ નિભાવવાને બદલે મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહેતા જોવા મળે છે. આ બેદરકારી ટ્રાફિકની સ્થિતિને વધુ




તસવીર : હાર્દિક બામટા

વણસાવે છે. સ્થાનિક રહેવાસીઓનું માનવું છે કે જો પોલીસ વિભાગ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે અને ફરજ પ્રત્યે નિષ્ઠાવાન કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવે, તો આ સમસ્યાનું નિરાકરણ લાવી શકાય છે. વધુમાં, રસ્તા પર અવ્યવસ્થિત પાર્કિંગ અને નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહીની માંગ પણ ઉઠી છે. હાલમાં ચાલી રહેલા શ્રાવણ માસ અને આગામી સાતમ-આઠમના તહેવારો દરમિયાન શહેરમાં ભીડ વધવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

# અમરેલી જિલ્લામાં વીજ સમસ્યાઓના નિરાકરણ માટે ધારાસભ્યની પહેલ



અમરેલી, તા.૭

અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી જિલ્લામાં વીજ સમસ્યાઓના નિરાકરણ માટે મહત્વપૂર્ણ પહેલ કરી છે. તેમણે વડીયા અને અમરેલી તાલુકાઓમાં લોકદરબાર યોજ્યો હતો, જેમાં સ્થાનિક નાગરિકોએ વીજળી સંબંધિત વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી. લોકદરબારમાં ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓમાં લો વોલ્ટેજ, ટ્રાન્સફોર્મર સ્થળાંતર, સ્ટ્રીટ લાઈટના તાર બદલવા, રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતી વીજ લાઈનો ખસેડવી, રિપેરિંગ સમયે કટ આઉટ સ્વિચ મૂકવી અને નવા ઘરેલુ વીજ જોડાણો ઝડપથી આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ સમસ્યાઓના નિરાકરણ માટે, વેકરીયાએ વીજ કચેરીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે અધિકારીઓને આ સમસ્યાઓનું વહેલી તકે નિરાકરણ લાવવા માટે કડક સૂચનાઓ આપી હતી.

**વીજપ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવો- પ્રજા અને ખેડૂતોને સમસ્યા થવી ન જોઈએ : ધારાસભ્ય વેકરીયા**

**આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદે શિક્ષણાધિકારીને કરી રજૂઆત**

# અમરેલીમાં નૂતન સ્કૂલની શિક્ષિકા બુરખો પહેરીને અભ્યાસ કરાવતાં વિવાદ

અમરેલી, તા.૭

અમરેલી તાલુકાની નૂતન સ્કૂલમાં ફરજ બજાવતી શિક્ષિકા પરિના સતારભાઈ પઢિયાર વિવાદમાં આવી છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે આક્ષેપ કર્યો છે કે, શિક્ષિકા બુરખો અને મિનીજ પહેરીને વિદ્યાર્થિનીઓને ઈસ્લામ ધર્મ વિશેની વાતો કરે છે. આ અંગે હિન્દુ પરિષદે શિક્ષણાધિકારીને રજૂઆત કરી છે અને આ પ્રકારની વર્તણૂક બંધ કરાવવાની માંગ કરી છે. જો શિક્ષિકાની આ પ્રવૃત્તિ બંધ નહીં થાય તો આંતરરાષ્ટ્રીય હિન્દુ

**શિક્ષિકા બુરખો અને મિનીજ પહેરીને વિદ્યાર્થિનીઓને ઇસ્લામ ધર્મ વિશેની વાતો કરે છે**

પરિષદ આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# વડીયા-કુંકાવાવ તાલુકામાં ૬૮મો શાળાકીય રમતોત્સવ સંપન્ન

વડીયા,તા.૭

અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકાના ગામોની શાળાઓમાં ૬૮મો શાળાકીય રમતોત્સવ સફળતાપૂર્વક યોજાયો. આ રમતોત્સવમાં વિવિધ રમતો જેવી કે વોલીબોલ, કબડ્ડી, ખો-ખો અને એથ્લેટિક્સની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓ વડીયા, કુંકાવાવ, જંગર અને મેઘાપીપળીયા ગામોની શાળાઓમાં



યોજાઈ હતી. આ રમતોત્સવમાં ૧૪, ૧૭ અને ૧૯ વર્ષની વય જૂથની કેટેગરીમાં આવતા છોકરાઓ અને છોકરીઓ બંનેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આયોજકોના જણાવ્યા મુજબ, સમગ્ર તાલુકામાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

# પાણી પ્રશ્ને કૌશિક વેકરીયાની રજૂઆતના પગલે સણોસરા ગામે ચેકડેમ મંજૂર

અમરેલી,તા.૭

અમરેલી-વડીયા-કુંકાવાવ તાલુકાના યુવા અને ઊર્જાવાન ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ધારદાર રજૂઆતોના પગલે જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગે અમરેલી જિલ્લાના સણોસરા ગામે ખારો નદી પર નવો ચેકડેમ બાંધવાની મંજૂરી આપી છે. સરકારે ખારો નદી પર ચેકડેમ નં.૦૨ના નિર્માણ માટે અંદાજિત રૂ. ૫૨.૭૭ લાખની માતબર રકમની વહીવટી મંજૂરી આપી છે. આ અંગે ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરી અને ગુણવત્તાયુક્ત કામો થાય તે માટે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. તેમણે પાણીના પ્રશ્ને એક પખાવાડીયામાં અંદાજિત



૨ કરોડ રૂપિયાના કામો મંજૂર કરાવ્યા છે. આગામી સમયમાં પણ જ્યાં જ્યાં પાણી પ્રશ્ને જરૂરીયાત છે તે પૂર્ણ કરી અને અમરેલીને નંદનવન બનાવવાનો સંકલ્પ સિદ્ધી તરફ જશે તેવો વિશ્વાસ નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ વ્યક્ત કર્યો હતો. આ જાહેરાત થતાની સાથે જ આસપાસના વિસ્તારના આગેવાનોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિને અભિનંદનનો ધોધ વરસાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં નવા સી.સી. રોડનું નિર્માણ: સ્થાનિક વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલા શહેરના વિકાસમાં એક મહત્વપૂર્ણ કદમ આગળ વધતાં, આજે વોર્ડ નંબર ૩માં નવા સી.સી. રોડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ સાવરકુંડલાના ધારાસભ્યની સલાહ અને નગરપાલિકા પ્રમુખની સૂચના અનુસાર હાથ ધરવામાં આવ્યો હતો. શિવાજી નગર અને પટેલ વાડી પાસેના વિસ્તારમાં આ



નવા રોડનો શ્રીફળ વધેરી શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે નગરપાલિકા સભ્ય કમલેશભાઈ રાનેરા, ભારતીય જનતા પાર્ટીના બુથ પ્રમુખ દિનેશભાઈ નાકરાણી, કાળુભાઈ નાકરાણી, રાજુભાઈ સોલંકી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટમાં બીજો એક રોડ પણ સામેલ છે, જે હિરપરા વિસ્તારમાં બનાવવામાં આવશે. આ નિર્ણય સ્થાનિક રહેવાસીઓ અને ખેડૂતોની માંગણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.









### પશુ દવાખાનાના મકાન સહિતની સમીક્ષા કરી

# ધારાસભ્ય કૌશિક વેકરીયા અમરેલી પશુ દવાખાનાની મુલાકાતે

અમરેલી,તા.૭

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના પશુ દવાખાનાની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ સાથે તેમણે સ્થાનિક પશુપાલન સંબંધિત કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે પશુ દવાખાનાની વિવિધ તાંત્રિક કામગીરી, ગુજરાત સરકારના પશુપાલન વિભાગની વિવિધ યોજનાકીય કામગીરી, અમરેલી તાલુકામાં આવેલ પશુ દવાખાનાના મકાન સહિતની વિગતો મેળવી કામગીરીની સમીક્ષા કરી હતી. ઉપરાંત પશુ દવાખાના બનાવવાની જરૂરિયાત હોય તેવા તમામ પશુ દવાખાનાના પ્લાન એસ્ટીમેન્ટ મેળવી આગળની કાર્યવાહી ઝડપથી હાથ ધરવા અને દવાખાનાને અધ્યતન બનાવવા માટે જરૂરી તમામ



વ્યવસ્થાઓ કરવા પણ સૂચના આપી હતી. આ સાથે ગુજરાત સરકારની તમામ યોજનાઓ છેવાડાના પશુપાલકો સુધી પહોંચે તેના માટે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નાયબ પશુપાલન નિયામક ડો. એસ.બી. કુનડીયાએ નાયબ દંડકને જરૂરી વિગતોથી અવગત કરાવ્યા હતા. નાયબ મુખ્ય દંડકની આ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અગ્રણી પ્રવીણભાઈ માંગરોળીયા, ખીજડીયા (રાદડિયા)ના સરપંચ જાદવભાઈ ગળીયા, અગ્રણી ચેતનભાઈ ધાનાણી ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી નજીક બાબાપુરમાં સિંહોનાં આંટાફેરાથી ગ્રામજનોમાં ભયનો માહોલ

### દીપડો હજુ પાંજરે પુરાયો ત્યાં સિંહોની અવરજવર વધી

બાબાપુર, તા. ૭

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જાય છે. પશુઓની સાથે વન્યપ્રાણીઓ માનવજીવ પર હુમલાઓ કરી રહ્યા છે. તાજેતરમાં જ અમરેલી નજીક આવેલા બાબાપુર




ગામે દીપડાએ બાળકને ફાડી ખાધા બાદ દીપડો હજુ પાંજરે પુરાયો છે ત્યાં સિંહે બાબાપુર ગામે રાત્રીનાં સમયે ભરબજારમાં વાછરડીનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે.

# જન્માષ્ટમીના વેકેશનને કારણે શાળાકીય રમતો માટેની તારીખમાં ફેરફાર કરાયો

### વધુ જાણકારી માટે શાળાના શિક્ષકોના નંબર જાહેર કરવામાં આવ્યા

અમરેલી,તા.૭

અખિલ ભારતીય શાળાકીય અં-૧૪, ૧૭ અને ૧૯ ભાઈઓ-બહેનોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમરેલી ખાતે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જન્માષ્ટમી વેકેશનના કારણે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ફેરફાર થયેલ તારીખ મુજબ એથ્લેટિક્સ સ્પર્ધા- ભાઈઓ માટે તા.૧૨-૮-૨૦૨૪ના રોજ અને એથ્લેટિક્સ સ્પર્ધા- બહેનો માટે તા.૧૩-૮-૨૦૨૪ના રોજ વિદ્યાસભા સ્કૂલ લાઠી રોડ, અમરેલી ખાતે યોજાશે.

આ માટે વધુ જાણકારી માટે પી.ડી. મિયાણીનો ૯૪૨૬૨૫૫૨૦૭ પર સંપર્ક કરવો. વોલીબોલ – ભાઈઓ માટે તા.૦૨-૯-૨૦૨૪ના રોજ અને વોલીબોલ –બહેનો માટે તા.૦૩-૦૯-૨૦૨૪ના રોજ ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ બગસરા ખાતે યોજાશે. તેના સંદર્ભે વધુ જાણકારી માટે એમ.જે. ડોડીયાનો ૯૪૨૭૭૪૪૦૮૯ પર સંપર્ક કરવો. આ ફેરફારની જિલ્લાની તમામ શાળાઓ તેમજ ખેલાડીઓએ નોંધ લેવા માટે જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલામાં વી.ડી. કાણકીયા કોલેજમાં બજેટ ૨૦૨૪ પર વિદ્યાર્થીઓ વચ્ચે પ્રેઝન્ટેશન કોમ્પિટિશન યોજાઈ

સાવરકુંડલા. તા.૭

શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી. ડી. કાણકીયા આર્ટ્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં તા. ૫-૮-૨૪ ને સોમવારના રોજ કોમર્સના વિદ્યાર્થીઓ માટે બજેટ વિશ્લેષણ ૨૦૨૪ સંદર્ભે વિદ્યાર્થીઓ વચ્ચે પ્રેઝન્ટેશન કોમ્પિટિશનનું




આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સના દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તૃતીય ક્રમે ચૌહાણ સ્નેહા, વઘાસીયા મિષા, મંજુસા નિકિતા, ખેરાળા અક્ષિત અને મકવાણા સાહિલ, દ્વિતીય ક્રમે પઠાણ શાહિદ, રામ ધ્રુવપાલ અને પ્રથમ ક્રમે ગોંડલીયા દક્ષિતા અને ટાંક કૃપાલી આવ્યા હતા. તમામ વિજેતાઓને કોલેજ સ્ટાફ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## અવસાન નોંધ

**તોરી**

વડીયા તાલુકાનાં તોરી ગામનાં ખેડૂત આગેવાન રણછોડભાઈ દેવજીભાઈ વેકરીયા, પ્રવિણભાઈ તેમજ સુરેશભાઈનાં પિતા તથા ચંપાબેન રણછોડભાઈ વેકરીયાના સસરા સ્વ. દેવજીભાઈ પોપટભાઈ વેકરીયા(ઉ.વ.૮૩) તા.૬/૮/૨૦૨૪ ને મંગળવારનાં રોજ શ્રીજી ચરણ પામેલ છે.

**અમરેલી**

દેવભૂમિ દેવળિયા (તા. અમરેલી) નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ મંજુલાબેન બાલકૃષ્ણભાઈ કવીશ્વર (ઉ.વ.૮૪) તે ભરતભાઈ કવીશ્વરના માતુશ્રી, વિનીત, યશના દાદીમાનું અવસાન થયેલ છે. સદગતની અંતિમયાત્રા તા.૮ને ગુરુવારે સવારે ૮:૦૦ કલાકે દેવભૂમિ દેવળિયા (તા. જિ. અમરેલી) ખાતે તેમના નિવાસ સ્થાનેથી રાખેલ છે. સદગતનું બેસણું તા.૯ને શુક્રવારે આખો દિવસ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે શિવ મહાપૂજાનો પ્રારંભ

અમરેલી,તા.૭

ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં સંસ્થામાં બિરાજતા સોમનાથ મહાદેવના મંદિરમાં શિવ મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસથી મહાપૂજાનો લાભ સંસ્થાના વડા પૂ. ડો.રતિદાદા, મંજુબા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન



તથા સર્વ શિક્ષકો અને શિવભક્તોને લાભ લેવડાવવામાં આવ્યો હતો. આખા શ્રાવણ માસ દરમ્યાન દરરોજ મહાપૂજા, આરતી, શણગાર વગેરે કરવામાં આવે છે.

# બગસરામાં વિદ્યાર્થીઓ રાખડી બનાવતા શીખ્યા

બગસરા,તા.૭

બગસરા શહેરની શાળા નંબર ૪ના ૩૫૦ વિદ્યાર્થીઓએ આજે એક અનોખી કુશળતા હાંસલ કરી છે. શેઠ સી.કે. પારેખ ટ્રસ્ટ, અમદાવાદના સહયોગથી આયોજિત એક કાર્યક્રમમાં, આ વિદ્યાર્થીઓએ રાખડી બનાવવાની કળા શીખી છે. શાળાના આચાર્યએ જણાવ્યું કે, "આ પહેલનો મુખ્ય હેતુ બાળકોમાં કૌશલ્ય વિકાસ કરવાનો અને તેમને ભવિષ્યમાં સ્વરોજગારી માટે



સક્ષમ બનાવવાનો છે." ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલ સામગ્રીનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આકર્ષક રાખડીઓ બનાવી હતી. કાર્યક્રમના અંતે, વિદ્યાર્થીઓએ પોતે બનાવેલી રાખડીઓ એકબીજાને બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

# સાવરકુંડલાથી સોમનાથ સુધી પવિત્ર પદયાત્રાનો પ્રારંભ


સાવરકુંડલા, તા.૭


પવિત્ર શ્રાવણ માસની ઉજવણીના ભાગરૂપે, આજે સાવરકુંડલાથી સોમનાથ સુધીની પદયાત્રાનો ભવ્ય પ્રારંભ થયો છે. શ્રી સોમનાથ પદયાત્રા સંઘ દ્વારા આયોજિત આ યાત્રામાં લગભગ ૭૦થી ૮૦ પદયાત્રીઓ અને સ્વયંસેવકો જોડાયા છે. આ પદયાત્રા ૭ ઓગસ્ટથી શરૂ થઈને ૧૧ ઓગસ્ટ સુધી ચાલશે. યાત્રાનું સમાપન સોમનાથ




મંદિરે થશે, જ્યાં સહભાગીઓ સોમનાથ દાદાને ધજા ચડાવવાની વિધિમાં ભાગ લેશે. આ પરંપરા છેલ્લા ૩૦ વર્ષથી ચાલી આવે છે. શૈલેષભાઈ જોશી, ચેતનભાઈ જોશી, કમલેશભાઈ કડવાણી, વિક્રમભાઈ અને નિલેશભાઈ ચૌહાણ જેવા સમર્પિત શિવભક્તો દ્વારા આ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આયોજકોએ યાત્રીઓ માટે વિશેષ વ્યવસ્થા કરી છે. માર્ગમાં વિવિધ સ્થળોએ ચા-નાસ્તો, ભોજન-પ્રસાદ અને રાત્રિ રોકાણની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. સાવરકુંડલાના તમામ ધર્મપ્રેમીઓ અને શિવભક્તો આ પદયાત્રામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે અને સહયોગ આપી રહ્યા છે. આ યાત્રા સમુદાયમાં એકતા અને આધ્યાત્મિક ઉત્થાનનું પ્રતીક બની રહી છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભોજલરામ પદયાત્રાનું ઉમળકાભેર આયોજન

**શહેરભરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા રથનાં વધામણાં**

અમરેલી, તા. ૭

લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા તા. ૪ના રોજ ભોજલરામ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજન ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ ભુવા, ટ્રસ્ટી ડી.કે. રૈયાણી, કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, મનુબાપા દેસાઈ, કાળુભાઈ સુહાગીયાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાનું પ્રસ્થાન નાગનાથ મંદિર પાસે આવેલા ભોજલરામ મંદિરથી શરૂ કરી શહેરના વિવિધ માર્ગો પર ફરી ફતેપુર મુકામે પહોંચી હતી. ભોજલરામબાપાની આરતી-પૂજન સમયે ડો. જી.જે. ગજેરા, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ સહિતના સમાજ અગ્રણીઓ, નગરપાલિકાના સભ્યો, બ્રહ્મસમાજના આગેવાનો, વેપારી મહામંડળ, લુહાણા સમાજના આગેવાનો સહિતનાઓ





દ્વારા યાત્રા પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, મનિશભાઈ સંઘાણી,મેહુલભાઈ ધોરાજીયા પણ યાત્રામાં જોડાયા હતા. જલારામ મંદિર પાસે જીતુભાઈ ગોળવાળા અને લાયન્સ કલબના પ્રમુખ રાજુભાઈ વિઠ્ઠલાણી દ્વારા પદયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. હિરામોતી ચોક પાસે અતુલભાઈ કાનાણી તેમજ લેઉવા પટેલ સમાજના આગેવાનો તથા હિરાના વેપારીઓ દ્વારા પદયાત્રાનું સ્વાગત કરી આરતી ઉતારી હતી. ચક્કરગઢ રોડ ફાટક પાસે લાયન્સ કલબ ઓફ અમરેલી(મેઈન) દ્વારા છાશની પ્રસાદી આપી યાત્રાનું સ્વાગત કરાયું હતું. નિલકંઠ સોસાયટી, ગંગાનગર સોસાયટીની બહેનો દ્વારા રથનાં વધામણા કર્યા હતા. ભોજલરામ બાપા પદયાત્રા રથને પટેલ સંકુલ અંદર પ્રવેશ આપી સંકુલની બાળાઓ દ્વારા રથને દોરવામાં આવ્યો હતો. આ તકે વલ્લભભાઈ રામાણી, ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ સંકુલનો સ્ટાફ હાજર રહ્યો હતો. ચક્કરગઢ રોડ બાયપાસ પાસે કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી સહિતનાં આગેવાનો અને મન સીટી ખાતે સંદીપભાઈ ધાનાણી સહિતના આગેવાનોએ આરતી ઉતારી સરબતની વ્યવસ્થા કર્યા બાદ સાવરકુંડલા ચોકડીએ ધૂન-ભજન સાથે રાસ ગરબાની રમઝટ બોલાવી પદયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં સંજયભાઈ રામાણી, અરૂણભાઈ કોરાટ, ઘનશ્યામભાઈ સોરઠીયા, મેહુલભાઈ બાબરીયા, ભાવેશભાઈ કાબરીયા, જે.ડી. સાવલીયા, અરૂણભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લેઉવા પટેલ સમાજના ભાઈઓ, બહેનો જોડાયા હતા. આરતીનો લાભ લીધા પછી ભોજનપ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો હતો. તેમ ભોજા ભગત ટ્રસ્ટના મંત્રી નિખીલભાઈ સાવલીયાએ જણાવ્યું હતું.

## સાવરકુંડલામાં માતાએ ઠપકો આપતાં ઝેરી દવા પીનારી પુત્રીનું સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં એક માતા તેની પુત્રીને વાસણ ધોવાનું કહી ઠપકો આપી ખીજાઈ હતી. જેને લઈ લાગી આવતાં ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાઈ હતી. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે રેખાબેન મુકેશભાઈ સલખણા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તે તેની પુત્રી હેમાંશી (ઉ.વ.૨૧) ને ઘરના વાસણ ધોવા બાબતે ઠપકો આપી ખિજાયા હતા. જેથી તેને મનમાં લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. જેને લઈ સારવારમાં ખસેડાઈ હતી. આ દરમિયાન તેનું મોત થયું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## ડુંગરના ગ્રામજનોએ રાજુલાના મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

રાજુલા, તા.૭

રાજુલા તાલુકાના ડુંગર ગામના ગ્રામ્યજનો દ્વારા આજે રાજુલાના પ્રાંત કચેરીમાં ડેપ્યુટી કલેક્ટર તેમજ રાજુલાના મામલતદારને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં આ આવેદનપત્રમાં હાજર રહેલા ગ્રામજનોના જણાવ્યા મુજબ ડુંગર ગામમાં મધ્યાહન ભોજન યોજનામાં સંચાલકની જગ્યાની



તસવીર : ગોપાલ રાઠોડ

ભરતી હોય ત્યારે ડુંગર ગામમાંથી અનેક અરજીઓ સંચાલક માટે કરેલી હતી, પરંતુ આ અરજીઓ માન્ય ન કરતા રાજુલા તાલુકાના હિંડોરણા ગામના સંચાલકને ડુંગર ગામે નિમણૂક આપવામાં આવી ત્યારે આ ગ્રામજનો દ્વારા ખુલ્લો આક્ષેપ કરવામાં આવ્યો કે આમાં કંઈક રંધાયું હોય તેવી શંકા છે. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું કે જો ૧૦ દિવસમાં આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય ઘટતું કરવામાં નહી આવે અને અમને ન્યાય નહીં મળે અને જૂનો ઓર્ડર રદ કરવામાં નહી આવે તો ના છૂટકે ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે.

## રાજુલામાં ગૌશાળાના લાભાર્થે જન્માષ્ટમી લોકમેળો યોજાશે

રાજુલા,તા.૭

રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ જન્માષ્ટમીના લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં છેલ્લા સતત ૧૨ વર્ષોથી પૂંજાબાપુ ગૌશાળાના લાભાર્થે જન્માષ્ટમીના તહેવારોમાં લોકમેળો કરવામાં આવે છે અને જે આવક થાય તે તમામ ગૌશાળામાં વાપરવામાં આવે છે. અત્યાર સુધીમાં અનેક વિકાસ કામ પૂંજાબાપુ ગૌશાળામાં કરવામાં આવ્યા છે અને અંધ, અપંગ અને કેન્સર ગ્રસ્ત નિરાધાર ગાયોની સેવા કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ રુદ્રગણ દ્વારા માર્કેટિંગ યાર્ડના ગ્રાઉન્ડમાં આ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળો તા.૨૨/૦૮ થી ૨૮/૦૮ સુધી યોજાશે.

## નાના ભમોદ્રામાં પિતાએ કપાસમાં દવા છાંટવાનું કહેતા પુત્રએ ઝેરી દવા પીધી

**મધ્યપ્રદેશનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો**

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે એક પિતાએ તેના પુત્રને કપાસમાં દવા છાંટવાનું કહ્યું હતું. પરંતુ તેને કામ કરવું ન હોવાથી પિતા ખિજાયા હતા. જેને લઈ લાગી આવતાં કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. જેને લઈ તેનું મોત થયું હતું.

બનાવ સંદર્ભે મૂળ મધ્યપ્રદેશના ભાભરા તાલુકાના જીરણ ગામના રહેવાસી અને હાલ નાના ભમોદ્રા ગામે રહેતા જગનાભાઈ દેસીંગભાઈ માવી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્રને તેમણે કપાસમાં દવા છાંટવાનું કહ્યું હતું. પરંતુ તે કામ કરવા આવતો નહોતો, જેથી તેઓ ખિજાયા હતા.

જેથી મનમાં લાગી આવતાં કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં મરણ પામ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. પી.વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

## વિધવા પેન્શન માટેના નિર્ણયને આવકારતા હિરેન હિરપરા

અમરેલી,તા.૭

રાજ્યમાં ગંગા–સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલમાં આવ્યા પછી આ યોજનાનો લાભ લેતા બહેનોને દર વર્ષે પુનઃ લગ્ન કરેલા નથી એ પ્રકારનો દાખલો રજૂ કરવો ફરજિયાત હતો. ત્યારે ૫૦-૬૦ વર્ષથી મોટી ઉંમરની માતા-બહેનોને આ દાખલો મેળવવામાં મનમાં ક્યાંક કચવાટ થતો કે અમારે આ




ઉંમરે આવો દાખલો આપવો પડે તે વાજબી નથી. આથી ગુજરાત ભા.જ.પ પ્રદેશ કિસાન મોરચા દ્વારા સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા તેમજ મહિલા અને બાળ-કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાને રજૂઆત કરતાં જુના નિયમોમાં ફેરફાર કરીને ૫૦ વર્ષથી મોટી ઉંમરની માતા-બહેનોને પુનઃલગ્ન પ્રમાણપત્રમાંથી મુક્તિ આપવાના કરેલા નિર્ણય બદલ પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરેલ છે.

## જિલ્લામાં કુમારીકાઓ દ્વારા ફૂલકાજળીના વ્રતની ઉજવણી

અમરેલી,તા.૭

ભારતીય સંસ્કૃતિમાં પર્વનું ખુબ જ મહત્વ રહેલુ છે. શ્રાવણ વદ ત્રીજના દિવસે કુંવારીકાઓ ફુલકાજળીનું વ્રત રાખે છે. અમરેલી જિલ્લામાં વહેલી સવારથી જ નાની બાળાઓ મંદિરે દર્શન કરવા ઉમટી પડી હતી. જિલ્લામાં ફુલકાજળીનું વ્રત ધામધૂમથી ઉજવવામાં આવે છે. અમરેલી જિલ્લામાં



નાની બાળાઓએ ફુલકાજળીના વ્રતની ધામધૂમથી ઉજવણી કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ચોથ
તા. ૦૮-૦૮-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૪૬,
સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલગુની

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૮-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભોગ બનવું પડશે. ભૌતિક આરામ પર ખર્ચ વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

મકર: આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો.

## પતિએ 'તારા પેટમાં બાળક છે તે મારું નથી' કહેતા પત્નીએ ફિનાઈલ પીધું

**પતિ સાથે મનમેળ ન હોવાથી પરિણીતા રિસામણે હતી**

ધારી, તા.૭

ધારી પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિ સાથે મનમેળ ન હોવાથી પિયરમાં રિસામણે રહેતી પરિણીતાને ચાર મહિનાનો ગર્ભ હતો. પરંતુ પતિએ તારા પેટમાં રહેલું બાળક મારું નથી તેમ કહેતા લાગી આવ્યું હતું અને ફિનાઈલ ગટગટાવી લીધું હતું. બનાવ સંદર્ભે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતા ચારેક માસથી પિયરમાં રિસામણે હતી. તેણે કોર્ટમાં ભરણપોષણનો કેસ પણ કર્યો હતો. તેને સંતાનમાં દોઢ વર્ષની એક દિકરી હતી તથા ચારેક માસનો ગર્ભ હતો. તેના પતિ ફોન કરી કહેતા હોય કે, તેના પેટમાં બાળક છે તે મારું નથી. સાસુને પણ સંતાનમાં દિકરી હોવાથી પસંદ ન નહોતું. જેથી મનમાં લાગી આવ્યું આ બધું ક્યાં સુધી ચાલુ રહેશે અને કોર્ટ કેસનો ઉકેલ ક્યારે આવશે તેમ મનમાં થતા ફિનાઈલ પી લેતા સારવાર અર્થે ખસેડાઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ. પી.શાહી વધુ તપાસ કરી રહ્યા છે. ધારી શહેરમાં રહેતી એક અન્ય પરિણીતાને પણ ચાર મહિનાનો ગર્ભ હતો અને શરીરમાં દુઃખાવો થતો હતો. જેથી તેણે દુઃખાવો સહન કરવા કરતાં મરી જવું સારું તેમ વિચારી એસિડ પી લેતાં સારવાર અર્થે ખસેડાઈ હતી.

## લાઠીની તાલુકા શાળા ખાતે મહિલા નેતૃત્વ દિનની ઉજવણી




અમરેલી, તા.૭

લાઠીની તાલુકા શાળા ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં અધ્યક્ષ સ્થાને મહિલા નેતૃત્વ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગ્રામ્ય કક્ષાની બાલિકા હાજર રહી હતી. તાજપર ગામની બાલિકા સરપંચ કુ. ધ્રુવીબેન વિજયભાઈ બારડ તેમજ લાઠીની બાલિકા કુ. બંસી જોગાભાઈ મેરને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની સાથોસાથ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ દ્વારા બાલિકાઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

## ખેરાથી પટવા ગામ વચ્ચે ટ્રક ચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લીધું

**અકસ્માત સર્જી ચાલક ટ્રક મૂકીને નાસી ગયો**

રાજુલા, તા.૭

રાજુલાના ખેરા ગામેથી પટવા ગામના જાહેર રસ્તા પર બેફામ દોડતાં ટ્રકે એક બાઈક સવાર દંપતીને ટક્કર મારતાં બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે જીવરાજભાઈ નાનજીભાઈ ગુજરીયા (ઉ.વ.૨૧)એ જીજે-૧૦-યુ-૭૧૫૪ નંબરના ટ્રક ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના માતા-પિતા મહુવાથી પોતાના ગામ ખેરા તરફ આવતા હતા તે દરમિયાન પટવા ગામથી ખેરા ગામના જાહેર રોડ ઉપર સામેથી ટ્રકનં.GJ-૧૦-U-૭૧૫૪ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી તેમના પિતાની મોટર સાયકલ સાથે ભટકાવ્યો હતો. જેમાં તેમના માતા-પિતાને ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો.

## ધરાઈ ગામે મકાનની દિવાલ તોડવા, નળીયા કાઢવા મુદ્દે પરિણીતાની છેડતી

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી પણ આપી**

બાબરા, તા.૭

બાબરાના ધરાઈ ગામે એક મહિલાએ તેના મકાનની દિવાલ તોડવા અને નળીયા કાઢવા મુદ્દે ઠપકો આપતાં ગાળો બોલી, વાળ પકડી પછાડીને છેડતી કરવામાં આવી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ જયેશભાઈ ઈશ્વરભાઈ જોષી, ઉષાબેન જયેશભાઈ જોષી, જયદીપભાઈ જયેશભાઈ જોષી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આરોપીઓને તેના મકાનની દિવાલ તોડવા તથા નળીયા કાઢવા બાબતે ઠપકો આપવા જતા ગાળો બોલી, છાતી ઉપર મુંઢમાર મારી, વાળ પકડી પછાડી હાથ પકડી તેના તરફ ખેંચી છેડતી કરી હતી. તેમજ તેના પતિને પણ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## બાબરામાંથી પોલીસે ૪ શકુનીને ઝડપ્યા

બાબરા, તા.૭

બાબરામાંથી પોલીસે ૪ જુગારીને રોકડા ૬૯૦૦ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ચંદુભાઈ મફાભાઈ કાજીયા, સંજયભાઈ ચંદુભાઈ કાજીયા, સંજયભાઈ મનુભાઈ કાજીયા તથા દિનેશભાઈ મનજીભાઈ ડાભી જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૬૯૦૦ સાથે પકડાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી.વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

## જાફરાબાદમાંથી પરિણીતા લાપતા બની

જાફરાબાદ, તા.૭

જાફરાબાદમાં રહેતી એક પરિણીતા ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. જેની ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. કમલેશભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની કિંજલબેન (ઉ.વ.૨૦) અઠવાડિયા પહેલા ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી અને આજ સુધી પરત ફરી નથી.

તંત્રી લેખ

# યુદ્ધ ગ્રસ્ત દુનિયામાં મંદીનો માહોલ

વિશ્વના મોટાભાગના દેશોમાં એક યા બીજા પ્રકારે તણાવનું વાતાવરણ છે. બાંગ્લાદેશ, પાકિસ્તાન, તુર્કિસ્તાન લીબીયા સહિતમાં અશાંતિનો માહોલ છે. તો બીજી બાજુ રશિયા યુક્રેઈન વચ્ચે પણ યુદ્ધ ચાલી રહ્યું છે પણ હજી યુદ્ધ અટકવાનું નામ નથી લેતું ત્યારે દુનિયામાં મંદીનો માહોલ સર્જાઈ રહ્યો છે. દુનિયાના અડધો ડઝન દેશોમાં યુદ્ધના ઓછાયા છવાયેલા છે. ચીન, અમેરિકા, કોરિયા, ભારત, ચાઈના, બાંગ્લાદેશ, પાકિસ્તાન સહિતના દેશોમાં અશાંતિ છવાયેલી છે. છેલ્લા કેટલાક દિવસોમાં વૈશ્વિક શૅરબજારમાં ઊથલપાથલ જોવા મળી રહી છે. અમેરિકા, એશિયા અને થોડેઘણે અંશે યુરોપમાં પણ શૅરબજારોમાં તેની અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં સૌથી મોટો ફાળો એ ડરનો છે, જેમાં વિશ્વનું સૌથી મોટું એવું અમેરિકાનું અર્થતંત્ર ધીમું પડી રહ્યું છે. વિશેષજ્ઞો કહે છે કે આ ડર પાછળનું સૌથી મોટું કારણ અમેરિકન જોબ માર્કેટનો જુલાઈમાં જાહેર થયેલો ડેટા છે. જેમાં ધારણા કરતાં વધુ ખરાબ ચિત્ર દેખાઈ રહ્યું છે. અર્થતંત્રમાં મંદી કે તેના વિશે ગણગણવું હજુ ખૂબ વહેલું ગણાશે. તો અધિકૃત આંકડાઓ કહી રહ્યા છે કે અર્થતંત્રમાં કાયમ માટે સારા અને ખરાબ સમાચારો જોવા મળે છે. પહેલા ખરાબ સમાચારો જાણી લઈએ. અમેરિકાના નોકરીદાતાઓએ જુલાઈમાં માત્ર ૧.૧૪ લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, જે ૧.૭૫ લાખની નોકરીઓની આશા કરતાં ઘણું ઓછું છે. બેરોજગારીનો દર ૪.૩ ટકાના સ્તરે પહોંચી ચૂક્યો છે, જે ત્રણ વર્ષની ઊંચાઈએ છે. જેના કારણે અનેક વિશેષજ્ઞોના ભવાં તણાયા છે. તેમને લાગે છે કે ‘સમ રૂલ’ નો સમય છે. આ નામકરણ અમેરિકન અર્થશાસ્ત્રી ક્લાઉડિયા સમની પાછળ કરવામાં આવ્યું છે. આ નિયમ કહે છે કે સરેરાશ બેરોજગારીનો દર સતત ત્રણ મહિના સુધી છેલ્લા ૧૨ મહિનાના ન્યૂનતમ દર કરતાં અડધા ટકા જેટલો વધારે રહે છે તો એ દેશમાં મંદીના એંધાણ છે એવું કહી શકાય. આ નિયમ પ્રમાણે જોઈએ તો અમેરિકાનો બેરોજગારીનો દર જુલાઈમાં વધ્યો, ત્રણ મહિનાની સરેરાશ ૪.૧ ટકા હતી. ગત વર્ષમાં ન્યૂનતમ દર ૩.૫ ટકા જેટલો હતો. નોકરીઓમાં ઘટાડો, વ્યાજદરમાં કાપથી આ ચિંતાઓમાં વધારો થયો કારણ કે હકીકત એ હતી કે યુએસ ફેડરલ રિઝર્વે ગયા અઠવાડિયે વ્યાજદરમાં ઘટાડો ન કરવા માટે કહ્યું હતું. બૅન્ક ઑફ ઇંગ્લૅન્ડ અને યુરોપિયન સૅન્ટ્રલ બૅન્ક સહિત વિકસિત અર્થવ્યવસ્થાઓમાં અન્ય કેન્દ્રીય બૅન્કોએ તાજેતરમાં જ પોતાના વ્યાજદરોમાં ઘટાડો કર્યો છે. ફેડરલ રિઝર્વનો ઉધાર લેવા માટેનો દર ઘણો વધારે છે પરંતુ તેના અધ્યક્ષ જેરોમ પોવેલે સંકેત આપ્યો હતો કે સપ્ટેમ્બરમાં જ વ્યાજદરોમાં ઘટાડો કરવામાં આવશે. તેના કારણે વિવિધ અટકળો શરૂ થઈ હતી કે ફેડરલ રિઝર્વ નિર્ણય લેવામાં ખૂબ વધારે રાહ કેમ જોઈ રહ્યું છે? વ્યાજદરોમાં કાપનો અર્થ એ છે કે નાણાં ઉછીના લેવા એ સસ્તું બને છે જે સૈદ્ધાંતિક રીતે અર્થતંત્રને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. નોકરીઓના આંકડા સૂચવે છે કે અર્થતંત્ર પહેલેથી જ નીચેની દિશામાં જઈ રહ્યું છે. તેનાથી લોકોને એ ડર બેસી ગયો છે. આ બધી ઘટનાઓની સમાનાંતરે ટૅક્નૉલૉજી કંપનીઓના શૅરના ભાવ વધી રહ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રત્યેની લોકોની આશાને કારણે આ ક્ષેત્રની કંપનીઓમાં લાંબા સમયથી તેજી ચાલી રહી છે.

# ઓલિમ્પિક્સના એક એકથી ચડિયાતા સાત સ્ટેડિયમ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ઓલિમ્પિક માટે અત્યાર સુધીના સૌથી આઈકોનિક સ્ટેડિયમોમાંથી ૭ વિશ્વ લેવલે ફેમસ છે. વિશ્વમાં જે સર્વોત્તમ સાત સ્ટેડિયમ ઓલમ્પિક્સ માટે બન્યા છે તેમાં પેરિસમાં બનેલા સ્ટેડિયમ આર્કિટેકનિક દ્દષ્ટિએ સર્વોત્તમ છે સાથોસાથ તે ઈકો ફ્રેન્ડલી પણ છે. ઓલિમ્પિક સ્પર્ધાના ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્ટેડિયમમાં ૫૦૦ નંબર વન ગણાય છે. અહીં ઓલિમ્પિક માટે અત્યાર સુધીના સૌથી પ્રતિષ્ઠિત સ્ટેડિયમોમાંથી સાત સ્ટેડિયમ આર્કિટેકની દ્દષ્ટિએ એક એકથી ચડિયાતા છે. એમાં પણ હાલ ૨૦૨૪ ના ઓલિમ્પિકના પેરિસના સ્ટેડિયમ અદભુત કહી શકાય તેવા છે. પેરિસના કુલ ૧૧ સ્થળોએ એક એકથી ચડિયાતા બાંધકામો થયા છે. જે સ્થાપત્ય અને કલાની દ્દષ્ટિએ સર્વોત્તમ ગણી શકાય. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક્સ આજની તારીખની કેટલીક સૌથી રોમાંચક બેકડ્રોપ્સનું વચન આપે છે. બીચ વોલીબોલ એરેના ચેમ્પ્સ ડી માર્સમાં સેટ કરવામાં આવ્યું હતું, સાયકલિંગ ઈવેન્ટ્સ ચેમ્પ્સ એલિસીસમાં સમાપ્ત થશે, અને હોર્સબેક રાઈડિંગ પેલેસ ઓફ વર્સેલ્સના બગીચાઓમાં યોજવામાં આવશે. રમતો પહેલા, અમે અત્યાર સુધી બનેલા કેટલાક સૌથી પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્ટેડિયમો google સર્ચ કરીને જોઈ શકાય છે અત્યાર સુધી ચાઈનાના ઓલિમ્પિક સ્ટેડિયમનો નંબર વન હતો પરંતુ હવે ફ્રાન્સનો નંબર છે. બેઈજિંગ નેશનલ સ્ટેડિયમ (બેઈજિંગ, ચીન) "બર્ડ્સ નેસ્ટ" તરીકે વધુ સારી રીતે જાણીતું, આ પ્રતિષ્ઠિત સ્થળ ચાઈનીઝ સિરામિક્સથી પ્રેરિત સ્ટીલની એક વિશિષ્ટ જાળી જેવું છે. એક રક્ષણાત્મક ઉપકરણ તરીકે કામ કરતા, બાહ્ય પાંજરામાં સીધો સૂર્યપ્રકાશ ઘટાડીને ઊર્જા વપરાશ ઘટાડે છે. સ્વિસ આર્કિટેક્ચર ફર્મ **Herzog & de Meuron** દ્વારા ચીની કલાકાર **Ai Wei Wei** ના સહયોગથી ડિઝાઈન કરાયેલ, સ્ટેડિયમ ૨૦૦૮ સમર ઓલિમ્પિક્સ માટે બનાવવામાં આવ્યું હતું, જે ઉદ્‌ઘાટન અને સમાપન સમારોહ તેમજ ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટ્સ માટે મુખ્ય સ્થળ તરીકે સેવા આપતું હતું. આશરે ૨૫૮,૦૦૦ ચોરસ મીટરના ફ્લોર એરિયા અને ૯૧,૦૦૦ દર્શકોની ક્ષમતા સાથે, તે વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમોમાંનું એક છે. ઓલિમ્પિક દરમિયાન, બર્ડ્સ નેસ્ટ અનેક ઐતિહાસિક ક્ષણોનું સાક્ષી બન્યું, જેમાં યુસૈન બોલ્ટના ૧૦૦-મીટર અને ૨૦૦-મીટરમાં વર્લ્ડ રેકોર્ડ-બ્રેકિંગ પ્રદર્શનનો સમાવેશ થાય છે. બ્રિટનનું ઓલિમ્પિક સ્ટેડિયમ તથા તેના એક્વેરિયમ અને વોટર વે વિશ્વપ્રસિદ્ધ છે, જોવાલાયક છે. લંડન એક્વેટિક્સ સેન્ટરને ઓલિમ્પિક પાર્કના નદીના લેન્ડસ્કેપ સાથે ચિત્રમાં જોવું પણ એક લહાવો છે. દિવંગત ખેલાડીઓની યાદોમાં પણ એક સ્ટેડિયમ બન્યું છે. શ્રદ્ધાંજલિ આમ મોડેલ સ્ટેડિયમ બનાવવામાં આવ્યું હતું. ઝાહા હદીદ આર્કિટેક્ટ્સ દ્વારા ડિઝાઈન કરાયેલ, છત એક તરંગની જેમ જમીન પરથી ઉપર જાય છે, એકીકૃત હાવભાવમાં પૂલને અંદરથી ઘેરી લે છે. પૂર્વ લંડનના સ્ટ્રેટફોર્ડમાં ક્વીન એલિઝાબેથ ઓલિમ્પિક પાર્કમાં આવેલું, તે ૨૦૧૨ સમર ઓલિમ્પિકના અન્ય પ્રતિષ્ઠિત સ્થળો જેમ કે ઓલિમ્પિક સ્ટેડિયમ અને આર્સેલર મિત્તલ ઓર્બિટથી ઘેરાયેલું છે. અંદર સ્વિમિંગ અને ડાઈવિંગ માટે વિશ્વ-કક્ષાની સુવિધાઓ છે જેમાં બે ૫૦-મીટર સ્વિમિંગ પૂલ અને જંગમ માળ સાથેનો ડાઈવિંગ પૂલ છે જે વિવિધ ડાઈવિંગ ઈવેન્ટ્સ માટે ગોઠવી શકાય છે. આજે, તે મનોરંજક અને સ્પર્ધાત્મક ઈવેન્ટ્સ બંને માટે સમુદાય રમત સુવિધા તરીકે સેવા આપે છે. પેનાથેનાઈક સ્ટેડિયમ (એથેન્સ, ગ્રીસ) કલ્લીમારમારો તરીકે પણ ઓળખાતું, પેનાથેનાઈક સ્ટેડિયમ ૧૮૯૬માં પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક ગેમ્સનું મુખ્ય સ્થળ હતું. એથેન્સના મધ્યમાં આવેલું, સ્ટેડિયમ મૂળ ૪થી સદી બીસીમાં બાંધવામાં આવ્યું હતું અને બાદમાં ૨જી સદી એડીમાં આરસપહાણમાં નવીનીકરણ કરવામાં આવ્યું હતું. અગાઉ પ્રાચીન સમયમાં પેનાથેનાઈક ગેમ્સના સ્થળ તરીકે સેવા આપતા, ૧૮૯૬માં પ્રથમ આધુનિક ઓલિમ્પિક ગેમ્સ માટે તેનું પુન:નિર્માણ કરવામાં આવ્યું હતું. આજની તારીખે, તે વિશ્વનું એકમાત્ર સ્ટેડિયમ છે જે સંપૂર્ણપણે આરસપહાણમાંથી બનેલું છે અને તે સ્ટેડિયમ તરીકે સેવા આપવાનું ચાલુ રાખે છે. એથેન્સના કાયમી ઓલિમ્પિક વારસાનું પ્રતીક. જાપાન નેશનલ સ્ટેડિયમ (ટોક્યો, જાપાન) પ્રખ્યાત આર્કિટેક્ટ કેન્ગો કુમાના મગજની ઉપજ, જાપાન નેશનલ સ્ટેડિયમ દેવદારની પેનલોથી સજ્જ છે, જે પરંપરાગત જાપાનીઝ ઈમારતોમાંથી ઓવરહેંગિંગ ઈવ્સનું સમકાલીન અર્થઘટન પ્રદાન કરે છે. માત્ર સૌંદર્ય શાસ્ત્ર ઉપરાંત, ઈવ્સ સૂર્યપ્રકાશ અને વરસાદને દૂર રાખે છે જ્યારે હવાને પરિભ્રમણ કરવા માટે પૂરતા છિદ્રાળુ રહે છે. બહારથી દ્દશ્યમાન એવા છોડ છે જે સ્ટેડિયમને તેના લીલાછમ વાતાવરણ સાથે ભળવામાં મદદ કરવા માટે દરેક સ્તર પર આશરે ૪૭,૦૦૦ જેટલા છે.

૨૦૨૦ સમર ઓલિમ્પિક્સ માટે બનાવવામાં આવ્યું હતુ જે COVID-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૧ સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું, આ સ્થળ ૮૦,૦૦૦ જેટલા દર્શકો અને વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોને સમાવી શકે છે. પરંપરા મુજબ સ્ટેડિયમ દર્શકોના અનુભવને વધારવા માટે અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે જેમાં હાઈ-ડેફ LED સ્ક્રીન, અત્યાધુનિક ઓડિયો સિસ્ટમ્સ અને અત્યાધુનિક લાઈટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. ઓલિમ્પિયા સ્ટેડિયમ (બર્લિન, જર્મની) બર્લિનમાં ઓલિમ્પિક સ્ટેડિયમ, સત્તાવાર રીતે ઓલિમ્પિયાસ્ટેડિયન તરીકે ઓળખાય છે, નાઝી શાસન દરમિયાન આર્કિટેક્ટ વર્નર માર્ચ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ સ્થળ અત્યંત વિવાદાસ્પદ ૧૯૩૬ ઓલિમ્પિક્સ માટે કેન્દ્રસ્થાને હતું. તે વર્ષે, અમેરિકન એથ્લેટ જેસી ઓવેન્સે ટ્રેક-એન્ડ-ફીલ્ડ ઈવેન્ટ્સમાં ચાર ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નોંધપાત્ર નુકસાનને ટકાવી રાખ્યા પછી, સ્ટેડિયમમાં વ્યાપક નવીનીકરણ કરવામાં આવ્યું, જેમાં આધુનિક સુધારાઓ થયા. નોંધપાત્ર ઉમેરણોમાં ૨૦૦૪ માં પારદર્શક છતનો સમાવેશ થાય છે જે તમામ હવામાન પરિસ્થિતિઓમાં ઈવેન્ટ્સ યોજવાની મંજૂરી આપે છે. ઓલિમ્પિક બાદ, સ્થળ પર યોજાયેલી ત્યારપછીની મુખ્ય રમતગમતની ઘટનાઓમાં ૧૯૭૪ અને ૨૦૦૬માં ફિફા વર્લ્ડ કપની ફાઈનલ, તેમજ ૨૦૧૫માં યુઈએફએ ચેમ્પિયન્સ લીગની ફાઈનલનો સમાવેશ થાય છે. ઓલિમ્પિયાસ્ટેડિયને ધ રોલિંગ સ્ટોન્સની જેમ મોટા પાયે કોન્સર્ટનું પણ આયોજન કર્યું છે. કોલ્ડપ્લે. સ્ટેડિયમ ઓસ્ટ્રેલિયા (સિડની, ઓસ્ટ્રેલિયા). મૂળરૂપે સિડનીમાં ૨૦૦૦ સમર ઓલિમ્પિક્સના મુખ્ય સ્થળ તરીકે બાંધવામાં આવ્યું હતું, સ્ટેડિયમ ઓસ્ટ્રેલિયામાં ઘોડાના નાળના આકારની ડિઝાઈન છે જેમાં પાછી ખેંચી શકાય તેવી છત છે જે ખોલવામાં માત્ર ૨૦ મિનિટ લે છે. વિશ્વના સાત મોટા ઓલિમ્પિક સ્ટેડિયમમાં પેરિસના સ્ટેડિયમ આર્કિટેકનિક દ્દષ્ટિએ સર્વોત્તમ છે. સિવિલ એન્જિનિયરિંગની દ્દષ્ટિએ આ સ્ટેડિયમનું બાંધકામ આધુનિક ટેકનોલોજીથી કરવામાં આવ્યુ છે તેની ડિઝાઈનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ફ્રાન્સના સ્ટેડિયમ ઈકો ફ્રેન્ડલી છે સાથોસાથ ઓછામાં ઓછું પ્રદૂષણ કરે તે માટે ખાસ જોગવાઈ છે. આ તમામ સુવિધાઓને કારણે આ સ્ટેડિયમ હાલના તમામ સ્ટેડિયમ કરતાં ચડિયાતા બની ચૂક્યા છે.

**ચીનનું ઓલિમ્પિક સ્ટેડિયમ ચાઇના કલે અને સ્ટીલનું એવી રીતે બન્યું છે કે જેમાં કૃત્રિમ લાઇટની જરૂર જ ના પડે. આર્કિટેકની દ્દષ્ટિએ આખુ સ્ટેડિયમ વેન્ટિલેટેડ છે. આ સ્ટેડિયમમમાં એર કન્ડિશનની કે લાઈટની જરૂર જ નથી પડતી. વિશ્વનું આ એક માત્ર ઇકો ફ્રેન્ડલી સ્ટેડિયમ છે જેમાં અંડર ઈલેક્ટ્રીક લાઈટની વ્યવસ્થા નથી પરંતુ સન લાઈટથી આખું સ્ટેડિયમ પ્રકાશિત થાય છે**



# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૫૬૮ |
| જુવાર સફેદ | ૬૫૫ | ૭૧૮ |
| જુવાર લાલ | ૮૪૦ | ૯૪૪ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૯૫ | ૪૨૫ |
| તુવેર | ૧૫૫૦ | ૨૨૦૦ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૧૪ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૬૫૦ |
| અડદ | ૧૭૭૬ | ૧૮૯૦ |
| મગ | ૧૫૪૦ | ૧૬૯૭ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૯૫૦ |
| વાલ પાપડી | ૧૬૦૦ | ૨૦૫૦ |
| ચોળી | ૧૨૦૦ | ૨૩૦૦ |
| વટાણા | ૮૬૦ | ૨૦૦૨ |
| સીંગદાણા | ૧૫૧૦ | ૧૬૨૫ |
| મગફળી જાડી | ૧૦૮૦ | ૧૨૧૮ |
| મગફળી જીણી | ૧૦૮૦ | ૧૧૫૦ |
| તલી | ૨૦૨૪ | ૨૩૭૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૭૯ |
| સુવા | ૯૩૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૮૦૫ | ૮૪૭ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૭૦ |
| કાળા તલ | ૨૪૭૦ | ૩૫૧૬ |
| લસણ | ૨૪૫૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૯૫ |
| વરીયાળી | ૯૨૮ | ૧૩૧૫ |
| જીરૂ | ૪૩૦૧ | ૪૮૯૦ |
| રાય | ૯૮૧ | ૧૨૨૫ |
| મેથી | ૯૯૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૩૭૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૯૯૬ | ૧૦૪૬ |
| રજકાનું બી | ૪૪૫૦ | ૫૫૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૨૭૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૧૯૫ | ૬૧૦ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મૂળા | ૫૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફલાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૬૦ | ૬૫૦ |
| સરગવો | ૮૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| કંટોલા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| બીટ | ૩૦૦ | ૬૦૦ |
| મેથી | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૫૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૭૫ | ૧૧૪૬ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૧૭૧ |
| શિંગદાણા | ૧૨૦૫ | ૧૫૦૬ |
| શિંગદાણા ફાડા | ૧૨૫૧ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૮૬૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૫૫૦ |
| બાજરો | ૪૫૫ | ૫૦૬ |
| જુવાર | ૭૫૨ | ૭૫૨ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૯૩ |


| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૭૨ |
| ચણા | ૧૩૧૫ | ૧૩૭૬ |
| કપાસ | ૮૭૨ | ૧૫૪૮ |
| એરંડા | ૯૧૫ | ૧૧૪૨ |
| મેથી | ૧૦૫૫ | ૧૦૯૯ |
| સોયાબીન | ૮૨૧ | ૮૨૪ |
| રજકાંનું બી | ૫૨૦૦ | ૫૨૦૦ |
| કાંગ | ૧૦૩૮ | ૧૦૩૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૪૦ |
| રીંગણાં | ૯૦૦ | ૧૦૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૫૦ |
| કોબીજ | ૬૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૭૩૦ | ૯૨૦ |
| સુરણ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ગાજર | ૫૦૦ | ૫૮૦ |
| દૂધી | ૨૦૦ | ૨૯૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૫૦ | ૪૫૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ચોળાશીંગ | ૭૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૬૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૭૫૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૫૫૦ |
| લસણ સૂકું | ૨૧૦૦ | ૪૧૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૧૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૪૫૦ | ૫૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૫૧ | ૧૫૦૬ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૨૧ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૮૬ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૬૩૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૯૮૧ | ૧૧૯૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૮૯૧ |
| કલોંજી | ૧૫૦૦ | ૩૬૦૧ |
| વરીયાળી | ૮૭૬ | ૧૦૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૦૧ |
| લસણ સુકું | ૧૧૧૧ | ૩૫૬૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૫૭૬ |
| અડદ | ૧૨૨૬ | ૧૨૨૬ |
| તુવેર | ૧૨૦૧ | ૨૨૨૧ |
| રાયડો | ૯૨૧ | ૯૨૧ |
| રાય | ૧૦૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૮૧૧ | ૧૨૬૧ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૨૫૬ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૬૬૧ |
| મગફળી નવી | ૯૩૫ | ૧૧૭૧ |
| તલ - તલી | ૧૮૫૦ | ૨૫૫૧ |
| ઇસબગુલ | ૧૬૬૧ | ૧૯૭૧ |
| ધાણી | ૯૦૧ | ૧૭૫૧ |
| જુવાર | ૫૬૧ | ૭૫૧ |
| મકાઇ | ૬૨૧ | ૬૨૧ |
| મગ | ૧૧૧૧ | ૧૬૨૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૦૬ |
| વાલ | ૫૨૧ | ૧૮૭૬ |
| વાલ પાપડી | ૫૨૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૧૧૦૧ | ૧૭૦૧ |
| સોયાબીન | ૬૯૧ | ૮૩૧ |
| ગોગળી | ૬૫૦ | ૯૯૧ |
| વટાણા | ૫૨૬ | ૨૬૭૬ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૪ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૩૮ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૫૦૦ | ૪૩૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૭૮ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૫ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૮૯ | ૫૩૯ |
| ચણા | ૧૨૫૧ | ૧૨૭૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૬૫ |
| શીંગફાડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૨૦૭૧ | ૨૦૭૧ |
| સોયાબીન | ૭૭૬ | ૮૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૧ |
| શીંગ-મોટી | ૧૧૧૧ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૫ |
| જીરૂ | --- | ૪૬૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૬ |
| બાજરો | ૪૧૫ | ૫૧૩ |
| જુવાર | ૩૫૦ | ૬૬૭ |
| મગ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| ચણા | ૧૨૧૧ | ૧૪૦૦ |
| મેથી | ૧૧૫૦ | --- |
| સોયાબીન | ૭૧૬ | ૭૭૫ |
| **ખાંભા** | | |
| જુવાર સફેદ | ૬૭૫ | ૬૭૫ |
| બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૭૬૬ | ૨૪૪૦ |
| કપાસ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| ઘઉ ટુકડા | ૪૭૫ | ૫૬૦ |
| જુવાર | ૬૫૦ | ૭૪૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| શીંગદાણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| સોયાબીન | ૮૨૬ | ૮૨૬ |

| | | |
|---|---|---|
| **બગસરા** | | |
| કપાસ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૨૦૦ |
| ઘઉં લોકવાન | ૫૦૯ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૩૭ | ૫૩૭ |
| સોયાબીન | ૯૭૧ | ૮૧૫ |
| તલ સફેદ | ૨૩૬૫ | ૨૩૬૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૨૯૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૨૫ |
| શીંગદાણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| **મહુવા** | | |
| શીંગ દાણા | ૧૧૨૮ | ૧૫૦૬ |
| શીંગ નં-૩૨ | ૫૮૬ | ૧૧૬૬ |
| શીંગ જી-૨૦ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| જુવાર | ૩૯૮ | ૮૪૨ |
| બાજરી | ૪૪૨ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૩૧ |
| અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ચણા | ૧૨૨૫ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૨૦૯૫ | ૨૫૩૯ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૬૨૨ |
| ડુંગળી સફેદ | ૨૫૨ | ૭૦૦ |
| કપાસ સંકર | ૧૪૦૦ | ૧૪૧૧ |
| નાળીયેર | ૪૧૬ | ૧૮૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૨૬૮ |
| મગફળી ૩૨ નં | ૧૦૫૦ | ૧૨૦૮ |
| બાજરી | ૩૮૦ | ૪૯૦ |
| ઘઉ | ૪૫૦ | ૫૮૯ |
| સફેદ તલ | ૨૦૭૫ | ૨૪૩૨ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૪૪૪ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૭ |
| જુવાર | ૪૫૦ | ૭૭૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૯૩૨ |
| મગ | ૧૪૫૦ | ૧૬૨૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૪૫ |
| રજકો | ૩૩૦૦ | ૫૧૭૫ |

## શબ્દ સંજોગ-૧૮૪૯



**આડી ચાવી :**
(૧) વંદે માતરમ, સુજલામ, સુફલામ---શીતલામ (૪)
(૪) રથયાત્રામાં એક રથનો આયનો (૪)
(૮) સમ, સોગંદ (૩)
(૧૦) મમરા જેવા નાના કણ (૩)
(૧૧) ગુજરાતની એક નદી (૨)
(૧૩) વર મરો, કન્યા મરો પણ ગોરનું---- ભરો (૪)
(૧૫) સારું, બહું સારું કે નઠારું નહી એવું (૨)
(૧૯) લોહી (૨)
(૨૦) નાનાં બાળકને થતો એક રોગ (૩)
(૨૧) બારણું (૩)
(૨૩) જ્ઞાતિ, જાત (૨)
(૨૪) ----નું ગજ (૨)
(૨૬) ટેવ, લગની (૨)
(૨૭) પાણીનો કુંડ (૨)
(૨૯) સાંવલી---તેરી ઝીલ સી આંખે ----- (૩)
(૩૦) ગણપતિના પિતાજીના હાથમાં રહેલું વાદ્ય (૩)
(૩૧) એક વેદ (૩)
(૩૨) નખનો ઉઝરડો (૩)

**ઊભી ચાવી :**
(૧) માની--- તો દરેક સંતાન પર સરખી જ હોય (૩)
(૨) કીર્તિ, સિદ્ધિ (૨)
(૩) માગતા પેટે કબજે લીધેલું (૩)
(૫) ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ (૩)
(૬) મર્યાદા પુરુષોત્તમ (૨)
(૭) કિરણ, દસ પ્રજાપતિમાંના એક (૩)
(૯) સ્તર, પડ (૨)
(૧૨) લગ્ન પ્રસંગે વર-કન્યાને શરીરે ચોળવાનો પીળો સુગંધી પદાર્થ (૨)
(૧૪) અઢાર પુરાણોમાંનું એક (૪)
(૧૬) ડંખ, કરડવું તે (૩)
(૧૭) નીચલો હોઠ (૩)
(૧૮) સ્ત્રીઓના માથાના વાળને ફિટ પકડમાં રાખવા માટેનું સાધન (૩)
(૨૨) માતા, મા (૨)
(૨૩) પ્રિયા, ખૂબસૂરત સ્ત્રી (૪)
(૨૫) એક ફળ (૪)
(૨૭) એક પક્ષી (૨)
(૨૮) સ્ત્રીઓને પહેરવાનું એક વસ્ત્ર (૩)
(૨૯) તમામ, બધાં (૨)

## શબ્દ સંજોગ-૧૮૪૮ જવાબ

**આડી ચાવી:** (૧) અજામિલ (૪) શંખલ (૬) લગ્નપત્રિકા (૯) કમાન (૧૧) લપ (૧૨) ચાચી (૧૪) તક (૧૫) ઢોલ (૧૬) વાત (૧૮) શુક (૧૯) કદરદાન (૨૧) વશ (૨૩) કલન (૨૫) મત્સર (૨૮) ભાન (૨૯) કરવત.
**ઊભી ચાવી:** (૧) અટક (૨) મિલન (૩) લગ્ન (૪) શંકા (૫) લવચીક (૭) પલ (૮) ત્રિપદા (૧૦) માઈલ (૧૨) ચાતક (૧૩) લવાદ (૧૫) ઢોળાવ (૧૭) તરજ (૧૮) શુનક (૨૦) ધાન (૨૨) શમન (૨૪) લગાવ (૨૬) રફત (૨૭) મૂક.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાતમાં અત્યાર સુધીમાં ૬૮.૪૧ ટકા વરસાદ નોંધાયો

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૭

રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૮.૪૧ ટકા વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૪૦ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો. રાજ્યના ૬૪ તાલુકામાં ૨૦ થી ૪૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૧૦૮ તાલુકામાં ૧૦ થી ૨૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૩૯ તાલુકામાં ૫ થી ૧૦ ઈંચ વરસાદ નોંધાયો. ઉત્તર ગુજરાતમાં સિઝનનો ૫૧.૧૪ ટકા વરસાદ નોંધાયો. સૌરાષ્ટ્રમાં સિઝનનો ૭૮.૨૦ ટકા વરસાદ નોંધાયો. દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૮૨.૫૩ ટકા વરસાદ નોંધાયો છે.

મધ્ય ગુજરાતમાં સિઝનનો ૪૯.૨૯ ટકા વરસાદ નોંધાયો હતો. સરદાર સરોવર ડેમ સહિત રાજ્યના મોટાભાગના ડેમમાં પાણીની આવક થવા પામી છે. ઉપરવાસમાં સારા વરસાદનાં લીધે ૬૪.૫૪ ટકા ડેમ ભરાયો હતો. રાજ્યના ૬૧ ડેમ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ૧૨ ડેમ એલર્ટ પર, ૧૨ ડેમ વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. સારા વરસાદના લીધે રાજ્યના ૪૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. રાજ્યના ૨૦૬ જેટલા જળાશયમાં ૬૦ ટકા પાણીનો સંગ્રહ થયો હતો. રાજ્યના ૪૦ જળાશયમાં ૭૦ થી ૧૦૦ ટકા પાણીનો સંગ્રહ થયો હતો. રાજ્યના ૨૦ જળાશય ૫૦ થી ૭૦ ટકા ભરાયા હતા.

# 'એક પેડ મા કે નામ' અભિયાનમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે

**આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા વનમંત્રીનું આહવાન**

અમરેલી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂને શરૂ કરાયેલું રાષ્ટ્રવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'જન અભિયાન' પ્રસ્થાપિત થઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ 'એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું. વન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદો, પદાધિકારીઓ, અધિકારીઓ,



શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકો પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડની વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ, જણાવી મંત્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા આહવાન કર્યું હતું.

# ગોઢાવદર ગ્રામ પંચાયત કચેરી ખાતે દફતર તપાસ કરાઈ

અમરેલી, તા. ૮

લીલીયાનાં ગોઢાવદર ખાતે કલેકટર અજય દહિયા દ્વારા ગ્રામસભા અને દફતર તપાસ સાથે લોકોનાં રૂબરુ પ્રશ્નોનાં નિરાકરણ માટે ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગ્રામજનોની અને પંચાયત સદસ્યોની ઉપસ્થિતિમાં એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત સભ્ય




મનીષાબેન જયંતીભાઈ વિઝુંડા દ્વારા અનુસૂચિત વિસ્તારમાં વર્ષોથી જે મફત પ્લોટ અને સ્મશાનમાં લાઈટની માંગણી અને કોટેશનનો પ્રશ્ન ૩૦ દિવસમાં હલ થઈ જાય તેની ખાતરી આપવામાં આવી હતી. ગામનાં સરપંચ હિરાબેન ગોસાઈ દ્વારા સાધુ સમાજ માટે સ્મશાનની જગ્યા નીમ કરવા અંગેની માંગણી કરાઈ હતી. સાથે સાથે સ્કૂલ અને આંગણવાડી, સસ્તા અનાજની દુકાનની મુલાકાત કલેકટર દ્વારા કરાઈ હતી. આ તકે ઉપસ્થિત મામલતદાર દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી તુષાર રાદડીયા, ભરત વિઝુંડા સહિત ગામલોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં અંતે ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.

# સુરતના હીરા ઉદ્યોગમાં મંદીનો પગપેસારો, વેકેશનનો માહોલ

સુરત,તા.૭

સુરત શહેરના વિશ્વપ્રસિદ્ધ ડાયમંડ ઉદ્યોગમાં મંદીનો પગપેસારો થઈ રહ્યો છે. જો કે આ મંદી હવે અજગર ભરડો લેવા લાગી છે. જેને પગલે હાલ વેકેશન જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સુરતનો ડાયમંડ ઉદ્યોગ સીધી રીતે વિદેશ સાથે જોડાયેલો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈપણ મોટી હિલચાલ થાય છે ત્યારે તેની સીધી અસર ડાયમંડ





ઉદ્યોગ ઉપર થતી હોય છે. વિશ્વમાંથી આવતા રફ ડાયમંડનું પોલિશિંગ અને કટિંગ સુરતમાં થાય છે. વિશ્વમાં પોલિશ્ડ થયેલા ૧૦ હીરાઓ પૈકી ૯ હીરા સુરતમાં તૈયાર થયેલા હોય છે. આ મંદીને કારણે રત્નકલાકારોની આર્થિક સ્થિતિ કથળી છે અને ઘર ચલાવવાના પણ ફાંફાં પડી રહ્યાં છે. રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ યુદ્ધની સ્થિતિને કારણે અમેરિકા સહિતના દેશોએ મંદીનો માર સહન કરવો પડ્યો હતો. ભારતમાંથી ૬૦ ટકા હીરા માત્ર અમેરિકામાં એક્સપોર્ટ થાય છે. તેમજ તાજેતરમાં અમેરિકામાં જાહેર થયેલા જોબ ડેટા પણ નિરાશાજનક રહ્યા છે, જેથી મંદીના ભણકારા વાગી રહ્યા છે અને તેની સીધી અસર સુરત પર પણ પડી રહી છે.

# ૧૫.૬૬ લાખ વિધવા મહિલા માટે રાજય સરકારનો મહત્વનો નિર્ણય

**૫૦ વર્ષ કરતા વધુની વય ધરાવતી મહિલાઓને પુનઃલગ્નનું પ્રમાણપત્ર રજૂ નહી કરવુ પડે**

ગાંધીનગર,તા.૭

રાજ્યની ૧૫.૬૬ લાખ વિધવા માતા-બહેનોને 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ દરમહિને રૂ. ૧૨૫૦ની પેન્શનની રકમ આપવામાં આવે છે. આ રકમ મેળવવા માટે તેમણે પુનઃલગ્ન કર્યા નથી તેવું દર વર્ષે પ્રમાણપત્ર આપવું પડે છે. આ પ્રમાણપત્ર મેળવવા માટે સરકારી કચેરીઓમાં જવું પડતું હોવાથી રાજ્ય સરકારે ૫૦ વર્ષથી વધુની વય ધરાવતા વિધવા માતા-બહેનોને પુનઃલગ્ન કર્યા નથી તેવું પ્રમાણપત્ર લેવામાંથી મુકિત આપવાનો નિર્ણય લીધો છે. જેનો પરિપત્ર એકાદ સપ્તાહમાં રાજ્યના સામાજિક ન્યાય અને કલ્યાણ વિભાગ દ્વારા જાહેર કરાશે. આ વિધવા મહિલાઓને હયાતીનું પ્રમાણપત્ર પણ રજૂ કરવું પડશે નહીં. હાલના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 'ગંગા




સ્વરૂપા આર્થિક સહાય યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ ૧૮ વર્ષથી વધુ વય ધરાવતી વિધવા મહિલાઓને માસિક રૂ. ૧૨૫૦નું પેન્શન દર મહિને તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે. આ યોજનાનો લાભ રાજ્યની ૧૫,૬૬,૨૦૪ મહિલાઓને મળે છે અને દર મહિને આશરે ૨૦૫ કરોડ જેટલી રકમ ચુકવવામાં આવે છે. આ યોજનાનો એક વખત લાભ મળી ગયા પછી દર મહિને તેમના ખાતામાં રકમ જમા થતી રહે છે. આ રકમ એક વર્ષ સુધી આવે છે, પણ એક વર્ષ પુરુ થયા પછી લાભાર્થીઓએ તેમણે પુનઃલગ્ન કર્યા નથી તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. આ પ્રમાણપત્ર દર વર્ષે જુલાઈ મહિનામાં રજૂ કરવાનું હોય છે. રાજ્ય સરકારનું એવું માનવું છે કે, સામાન્ય રીતે ૫૦ વર્ષ પછી મોટાભાગની મહિલાઓ પુનઃલગ્ન કરતી નથી. પચાસથી વધુ વર્ષની આયુ ધરાવતી મહિલાઓને પુનઃલગ્ન કરવાનું પ્રમાણપત્ર મેળવવા માટે ધક્કા ખાવા પડે નહીં તેટલા માટે રાજ્યના સમાજ કલ્યાણ વિભાગે પુનઃલગ્ન કરવાના પ્રમાણપત્ર મેળવવામાંથી મુકિત આપવાનો નિર્ણય લીધો છે. આ સિવાય આ મુદ્દો સામાજિક રીતે પણ અયોગ્ય લાગતો હતો.

# ઉનામાં જાહેરમાં જુગાર રમતાં ૧૦ શખ્સોને ઝડપી પાડતી પોલીસ

ઉના, તા. ૭

ઉનાના ખોડિયાર નગરમાં બાપા સીતારામ મંદિરના ચોરાની પાસે જાહેરમાં ગંજીપતાના પૈસા પાના વડે તીનપતીથી હાર-જીતનો જુગાર રમી રમાડતા હોવા અંગેની ચોક્કસ બાતમી આધારે પોલીસે રેડ કરતા વિજય લખમણભાઈ ચૌહાણ, મનીષ મોહનભાઈ ચુડાસમા, મેહુલ રામભાઈ ચુડાસમા, દિનેશ છગનભાઈ સોલંકી, સંજય ભુપતભાઈ



ચૌહાણ, રાહુલ રામભાઈ ચુડાસમા, રાહુલ ચનાભાઈ મેવાડા, બાબુ ઉકાભાઈ વાંજા, ગૌતમ અશ્વિનભાઈ રાઠોડ, સાગર રવિભાઈ સોલંકીને જુગારનાં સાહિત્ય તથા રોકડ રૂા. ૪૫,૦૧૦ ના જુગારના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાયર્વાહી હાથ ધરવામાં આવી છે.

# ૭ વર્ષમાં રાજયમાં રૂ. ૫૨,૩૯૪ કરોડની જીએસટી ચોરી પકડાઈ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૭

ગુજરાત જીએસટી ચોરો માટે સ્વર્ગ બની ગયું છે. જુલાઈ ૨૦૧૭માં જીએસટી અમલમાં આવ્યો ત્યારથી જૂન ૨૦૨૪ સુધીના સાત વર્ષના સમયગાળામાં ગુજરાતમાં રૂ. ૫૨,૩૯૪ કરોડની જંગી જીએસટી ચોરી પકડાઈ છે. આ માટે ગુજરાતમાં જીએસટી ચોરીના કુલ ૧૩,૪૯૪ કેસ નોંધવામાં આવ્યા છે. આ શબ્દો બીજા કોઈના નહીં પણ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામનના છે. જીએસટી ચોરીની આ રકમ ગુજરાત સરકારના બજેટના ૨૦ ટકા જેટલી થવા જાય છે. આ ઉપરાંત માનવામાં આવે છે કે આ જ રીતે જીએસટી ચોરી ચાલુ રહી તો ગુજરાતમાં જ જીએસટીના અમલીકરણના દાયકામાં જીએસટી ચોરીનો આંકડો રૂ. એક લાખ કરોડે પહોંચી જાય તો આશ્ચર્ય નહી થાય. જીએસટી ચોરો પર કરવિભાગ ત્રાટકતા હવે તેઓએ નવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે. અત્યાર સુધી કેસોની સંખ્યા વધારે હતી અને જીએસટી ચોરીની રકમ ઓછી આવતી હતી, પરંતુ હવે મોડસ ઓપરેન્ડી બદલાતા અને સરકાર દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવતા જીએસટી ચોરીનું પ્રમાણ ઘટ્યું છે, પણ ચોરીની સરેરાશ રકમ વધી ગઈ છે.

આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી કરચોરીના કિસ્સામાં ફક્ત ૨૧૪ની જ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજયમાં વિધાનસભાનું ૨૧ ઓગસ્ટથી ત્રણ દિવસનું ટૂંકુ ચોમાસુ સત્ર

ગાંધીનગર,તા.૭

રાજયપાલ આચાર્ય દેવવ્રતે આગામી ૨૧મીથી વિધાનસભાનું ચોમાસું ટુંકુ સત્ર બોલાવવા માટે આહવાન કર્યું છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભાના તમામ સભ્યોને ૨૧મી ઓગસ્ટે બપોરે ૧૨ વાગ્યે શરૂ થતા સત્રમાં સભાગૃહમાં ઉપસ્થિત રહેવા જાણ કરી છે. અહીં નોંધવુ ઘટે કે, વિધાનસભાના સત્ર વચ્ચે ૬ માસનો સમયગાળો રાખવાનું નિયત થયુ છે. જે મુજબ ૨૮ ઓગસ્ટના રોજ અગાઉના વિધાનસભા સત્રની તારીખ પ્રમાણે ૬ માસ પુરા થાય છે. જેથી રાજય સરકારે આગામી ૨૧ થી ૨૩ ઓગસ્ટના રોજ વિધાનસભાનું ચોમાસુ સત્ર યોજવાનો નિર્ણય કર્યો હતો. બીજી બાજુ વિપક્ષ કોંગ્રેસ દ્વારા ચોમાસુ સત્રની અવધી ત્રણ દિવસના બદલે દસ દિવસ કરવાની માંગણી કરવામાં આવી હતી. પરંતુ આ ત્રણ દિવસના સત્રમાં જ સરકારની જે કાર્યવાહી થવાની છે તે પૂર્ણ થઈ શકે તેમ હોવાથી સત્રને દસ દિવસનું કરવાની માંગણી સ્વીકારાઈ નથી.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ / રજી.નં. ૨૨/૨૦૨૪

પ્રતિઃ
શ્રી રાજેશભાઈ બાબુલાલ ભુપતાણી ....અરજદાર
રહે.ઘાંટવડ ગામ-ઘાંટવડ , તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી,વી.એ. ખખ્ખર તથા જે.બી. રાઠોડ, રહે. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ **શ્રી રાજેશભાઈ બાબુલાલ ભુપતાણીના માતૃશ્રી શ્રી ભારતીબેન બાબુલાલ ભુપતાણીનું મરણ તારીખ :** 30/04/2020 ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને ૨૦૨૦ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .

આજ તારીખ ૨૫/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

**સહિ**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## //- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૧૫/૨૦૨૪

પ્રતિ
શ્રી રામભાઈ વરજાંગભાઈ ગઢિયા
રહે.પણાંદર, ગામ-પણાંદર, તાલુકો-કોડીનાર, ...અરજદાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી બી.ડી. ઉપાધ્યાય, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પણાંદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ શ્રી રામભાઈ વરજાંગભાઈ ગઢિયાના પત્નિ રાણીબેન રામભાઈ ગઢિયા નું મરણ તારીખ ૧૪/૦૬/૨૦૦૯ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના પણાંદર ગામના સને ૨૦૦૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૮/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,કોડીનાર**

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૦/૨૪ તા.૨૯/૦૭/૨૦૨૪

**વિવાદી-** શ્રી પાંચાભાઈ પુનાભાઈ બાંભવા, રે.કન્યા શાળાની બાજુમાં શિવાજી શોક બાબરા તા.બાબરા, જિ.અમરેલી.
(મો.નં.૬૩૫૫૪૯૬૨૬૪)

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા બાબરા, બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે. બાબરા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતાશ્રી **ચોથીબેન પુનાભાઈ બાંભવાનું મરણ તા.૧૦/૦૮/૧૯૯૮ રોજ મોજે.બાબરા,તા.બાબરા,જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **મરણ**ની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **મરણ**ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૧૫/૦૭/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા એ **મરણ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા ૦૮/૦૮/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ / રજી.નં.૨૪/૨૦૨૪

પ્રતિઃ
શ્રી વાલીબેન ગીગાભાઈ વૈશ ....અરજદાર
રહે. વેલણ ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી,પી.એન.વાજા ૧જી.એન.સોલંકી

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ **શ્રી વાલીબેન ગીગાભાઈ વૈશના પતિશ્રી ગીગાભાઈ કરશનભાઈ વૈશનું મરણ તારીખ.૨૩/૧૦/૧૯૮૭** ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે.જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૧૯૮૭ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવે છે અન્યથા યોગ્ય હુકામ કરવામાં આવશે.

આજ તારીખ ૨૫/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં,અમરેલી//-

અપીલ રજી.નં.૪૧/૨૦૨૪

**અરજદાર :-** શ્રી અશોકભાઈ કેશુભાઈ નાકરાણી
રહે. શેડુભાર, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મુ. શેડુભાર, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામના અશોકભાઈ કેશુભાઈ નાકરાણી તેઓની ભત્રીજી દયાબેન શંભુભાઈ નાકરાણી તે શરદભાઈ પટેલના પત્નીની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૭/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય.**

# બાંગ્લાદેશમાં લઘુમતીઓને નિશાન બનાવવા સામે માનવ અધિકાર સંગઠને અવાજ ઉઠાવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

બાંગ્લાદેશમાં હજુ પણ હિંસાનો સિલસિલો ચાલુ છે. શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દેશ છોડ્યા પછી પણ વિરોધીઓ રસ્તા પર ઉતરી રહ્યા હતા. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે દેશમાં લઘુમતીઓના ઘરો અને વ્યવસાયિક સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ બાંગ્લાદેશે અધિકારીઓને હિંસાગ્રસ્ત દેશમાં લઘુમતીઓ અને સરકારી મિલકતોની સુરક્ષા સુનિશ્ચિત કરવા હાકલ કરી છે. તેમણે લઘુમતીઓ પરના હુમલાને વિદ્યાર્થી આંદોલનની મૂળ ભાવનાની વિરુદ્ધ ગણાવ્યા છે.

અહીં હિંસામાં મૃત્યુઆંક વધીને ૪૪૦ થઈ ગયો છે. તે જ સમયે, રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને મંગળવારે સંસદ ભંગ કરી દીધી અને ૮૪ વર્ષીય નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસને આગામી વચગાળાની સરકારના વડા તરીકે નિયુક્ત કર્યા. દરમિયાન, ઢાકામાં બે સમુદાયના નેતાઓના જણાવ્યા અનુસાર, ઘણા હિંદુ મંદિરો, ઘરો અને વ્યવસાયોમાં તોડફોડ કરવામાં



આવી છે અને હસીનાની અવામી લીગ પાર્ટી સાથે સંકળાયેલા ઓછામાં ઓછા બે હિંદુ નેતાઓ હિંસામાં માર્યા ગયા છે.

લોકપ્રિય લોક બેન્ડ જોલર ગાનના ફ્રન્ટમેન રાહુલ આનંદના નિવાસસ્થાને સોમવારે વ્યાપક તોડફોડ કરવામાં આવી હતી, જેના પગલે ગાયક અને તેના પરિવારને ગુપ્ત જગ્યાએ આશ્રય લેવો પડ્યો હતો, ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો હતો. મીડિયા રિપોર્ટમાં જોલર ગાન સાથે જોડાયેલા એક વ્યક્તિ સૈફુલ ઈસ્લામ જર્નલના હવાલાથી કહેવામાં આવ્યું છે કે રાહુલ અને તેનો પરિવાર સંપૂર્ણપણે હચમચી ગયો છે. તેણે ગુપ્ત જગ્યાએ આશરો લીધો છે. અમે હજુ સુધી તેમનો સંપર્ક કરી શક્યા નથી. પત્રકારે આગળ કહ્યું, 'આ તેમનું ઘર ન હતું. તે દાયકાઓથી ભાડાના મકાનમાં રહેતો હતો. પહેલા ટોળાએ ઘરનો મુખ્ય દરવાજો તોડી નાખ્યો હતો. તે પછી, તેઓ ફર્નિચર, અરીસાઓથી લઈને કિંમતી ચીજવસ્તુઓ સુધી જે કંઈ કરી શકે તે લઈ ગયા. જે બાદ તેઓએ તેના ઘરમાં તોડફોડ શરૂ કરી હતી. ત્યારબાદ રાહુલ આનંદના સંગીતના સાધનો સાથે આખા ઘરને આગ લગાવી દીધી હતી. તેના ૩,૦૦૦ થી વધુ સંગીતના સાધનોને આગ લગાડવામાં આવી હતી.

ઢાકા ટ્રિબ્યુન અખબાર અનુસાર, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ બાંગ્લાદેશે સત્તા પરિવર્તનના નિર્ણાયક સમયગાળા દરમિયાન લઘુમતી ઘરો, પૂજા સ્થાનો, મંદિરો અને વ્યવસાયો પર હુમલા સહિત જિલ્લાઓમાં સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓની સખત નિંદા કરી હતી.



# પેરિસમાં તિરંગો લહેરાવનાર ડબલ મેડલ વિજેતા મનુ ભાકરનું સ્વદેશમાં અદકેરૂં સ્વાગત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

ભારતની ડબલ મેડલ વિજેતા શૂટર મનુ ભાકર પેરિસ ઓલિમ્પિકમાં ઐતિહાસિક પ્રદર્શન કર્યા બાદ આજે ૭ ઓગસ્ટના રોજ સ્વદેશ પરત ફરી છે. તે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચી જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ટર્મિનલ ૩ના વીઆઈપી ગેટથી બહાર આવ્યા બાદ તેનું ઉષ્માભર્યું સ્વાગત થયું. આ દરમિયાન તેના કોચ જસપાલ રાણા પણ તેની સાથે જોવા મળ્યા. ચાહકોએ બંનેને ફૂલોના હાર પહેરાવ્યા હતાં. દરમિયાન લોકોએ મનુના સ્વાગત માટે નારેબાજી પણ કરી. ઢોલ-નગારાના તાલે લોકો મનુ ભાકરના મેડલ જીતવાની ઉજવણી કરતા જોવા મળ્યા. આ દરમિયાન મનુએ પેરિસ ઓલિમ્પિકમાં જીતેલા બંને બ્રોન્ઝ મેડલ પણ મીડિયાને બતાવ્યા. દેશમાં કદાચ આવું દ્રશ્ય ક્રિકેટ સિવાય ભાગ્યે જ જોવા મળે છે. ત્યારે મનુ ભાકર મેડલ જીતીને દેશ પરત ફરી ત્યારે એવું જ દ્રશ્ય જોવા મળ્યું, જેવું ભારતીય ક્રિકેટ ટીમ ટી૨૦ વર્લ્ડ કપ જીતીને આવી ત્યારે જોવા મળ્યું હતું. રવિવારે ઓલિમ્પિક ગેમ્સના સમાપન સમારોહમાં ભાગ લેવા મનુ ભાકર આ અઠવાડિયે પેરિસ પાછી જશે. મનુ ભાકર પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના સમાપન સમારોહ દરમિયાન ભારતની ધ્વજવાહક હશે. ૨૨ વર્ષની મનુએ ઓલિમ્પિક શૂટિંગમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. મનુએ પેરિસમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. આ પછી તેણે સરબજોત સિંહ સાથે મળીને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

**રવિવારે ઓલિમ્પિક ગેમ્સના સમાપન સમારોહમાં ભાગ લેવા મનુ ભાકર આ અઠવાડિયે પેરિસ પાછી જશે**

# બાંગ્લાદેશમાં ઉથલપાથલ વચ્ચે હાઈ કમિશન અને કોન્સ્યુલેટમાં તૈનાત બિન જરૂરી કર્મચારીઓને પાછા બોલાવતું ભારત

**ઢાકા એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કર્યા પછી, ઈન્ડિગોએ ૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ઢાકાથી કોલકાતાની વિશેષ ફ્લાઇટ 6E ૮૫૦૩નું સંચાલન કર્યું**

Bangladesh High Commission
New Delhi

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે ભારતે હાઈ કમિશન અને કોન્સ્યુલેટમાં તૈનાત બિન-જરૂરી કર્મચારીઓને પાછા બોલાવવાનો નિર્ણય લીધો છે. સરકારે આ અંગે એડવાઈઝરી પણ જાહેર કરી છે. નોંધનીય છે કે બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના હાલમાં ભારતમાં છે. બીજી તરફ બાંગ્લાદેશમાં પણ હિંદુઓના ઘરો અને મંદિરો પર હુમલા ચાલુ છે. આવી સ્થિતિમાં સ્થિતિ સંવેદનશીલ બની હોવાથી ભારતે સમગ્ર ઘટના પર બારીકાઈથી નજર રાખી છે. ઢાકામાં ભારતીય હાઈ કમિશન અને કોન્સ્યુલેટમાં તૈનાત બિન-આવશ્યક કર્મચારીઓ અને તેમના પરિવારોની વાપસી કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા થઈ છે. બાંગ્લાદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ બાંગ્લાદેશની રાજધાની ઢાકા માટે વિશેષ ફ્લાઈટ ચલાવી હતી. તેના દ્વારા ૪૦૦ થી વધુ લોકોને ભારત લાવવામાં આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું કે બુધવારે સવારે એર ઈન્ડિયાની વિશેષ ફ્લાઈટ દ્વારા છ બાળકો સહિત ૨૦૫ લોકોને ભારત લાવવામાં આવ્યા હતા.

# રાજ્યસભાની ૧૨ બેઠકો પર પેટાચૂંટણી ૩ સપ્ટેમ્બરે યોજાશે


નવીદિલ્હી,તા.૭

રાજ્યસભાની ૧૨ બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ તમામ ૧૨ બેઠકો પર ૩ સપ્ટેમ્બરે પેટાચૂંટણી યોજાશે. સૂત્રોનું માનીએ તો ભાજપ અને તેના સહયોગી દળો આમાંથી મોટાભાગની બેઠકો જીતે તેવી શક્યતા છે. તેલંગાણા સીટ કોંગ્રેસના ફાળે જાય તેવી શક્યતા છે. આ સિવાય એનડીએ અન્ય બેઠકો જીતે તેવી શક્યતા છે. તમને જણાવી દઈએ કે ૯ રાજ્યોની ૧૨ સીટો પર આ પેટાચૂંટણી યોજાશે. જેમાં આસામ, બિહાર અને મહારાષ્ટ્રની બે બેઠકો, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન,



ત્રિપુરા, તેલંગાણા અને ઓડિશાની એક-એક બેઠકનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો પર ૩જી સપ્ટેમ્બરે મતદાન થશે અને તે જ દિવસે સાંજે ૫ વાગ્યા સુધીમાં પરિણામ પણ જાહેર કરવામાં આવશે.





# હમાસના નવા વડા બનેલા યાહ્યા સિનવારનો પણ ખાત્મો કરી દેવાશે : ઈઝરાયેલ વિદેશ મંત્રી

(એ.આર.એલ),જેરુસલેમ,તા.૭

ગયા મહિનાના છેલ્લા દિવસે ઈરાનની રાજધાની તેહરાનમાં હમાસની રાજકીય પાંખના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા કરવામાં આવી હતી. જે બાદ હવે હમાસે યાહ્યા સિનવારને તેના મુખ્ય નેતા તરીકે પસંદ કર્યા છે. સિનવાર ઈઝરાયેલ પર ઑક્ટોબર ૭ના હુમલાના માસ્ટરમાઈન્ડ તરીકે ઓળખાય છે. બીજી તરફ ઈઝરાયેલે યાહ્યાને લઈને ચેતવણી આપી છે. ઈઝરાયેલના વિદેશ મંત્રી કાત્ઝે કહ્યું છે કે તેઓ હમાસના નવા વડાને પણ બહુ જલ્દી ખતમ કરી દેશે.

હમાસે યાહ્યાની નિમણૂક અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં, તેણે જણાવ્યું હતું કે તેણે ઈસ્માઈલ હાનિયાને બદલવા માટે તેના રાજકીય બ્યુરોના નવા વડા તરીકે સિનવારની નિમણૂક કરી છે, જેઓ ગયા અઠવાડિયે ઈરાનમાં કથિત ઈઝરાયેલી કાર્યવાહીમાં માર્યા ગયા હતા.

યાહ્યા સિનવાર ગાઝા પટ્ટીમાં હમાસનો ટોચનો નેતા છે. યાહ્યા સિનવારને ઈઝરાયેલમાં ૭ ઓક્ટોબરે થયેલા હમાસ હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ માનવામાં આવે છે. યાહ્યા સિનવારને ગાઝાના સૌથી શક્તિશાળી નેતા માનવામાં આવે છે. તેને ઈઝરાયેલ દ્વારા જેલમાં રાખવામાં આવ્યો હતો અને તેણે લગભગ ૨૪ વર્ષ જેલમાં વિતાવ્યા છે. ઈઝરાયલી સૈનિક ગિલાદ શાલિતના બદલામાં ૧૦૨૭ પેલેસ્ટિનિયન કેદીઓને ઈઝરાયેલી જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા, જેમાં યાહ્યા સિનવાર પણ સામેલ હતા. સિનવાર ઈરાનની નજીક છે અને કટ્ટરવાદી જૂથ હમાસનું નેતૃત્વ કરે છે.

યાહ્યા સિનવાર ઈઝરાયેલની યાદીમાં ટોચ પર છે. ૭ ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયેલમાં થયેલા આતંકવાદી હુમલામાં ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવાયા હતા. ઈઝરાયેલ પર હુમલો કરનાર હમાસ જૂથનું નેતૃત્વ યાહ્યા સિનવારે કર્યું હતું.

# રાષ્ટ્રપતિ ભવનના અમૃત ઉદ્યાનને ૧૬ ઓગસ્ટથી એક માસ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે

નવીદિલ્હી,તા,૭

રાષ્ટ્રપતિ ભવન સંકુલની અંદર સ્થિત અમૃત ઉદ્યાન ૧૬ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી લોકો માટે ખુલ્લું મુકવામાં આવશે. રાષ્ટ્રપતિ ભવને મંગળવારે એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપી હતી. સત્તાવાર નિવેદન અનુસાર, મુલાકાતીઓની સુવિધા માટે, કેન્દ્રીય સચિવાલય મેટ્રો સ્ટેશનથી ગેટ નંબર ૩૫ (ઉદ્યાનના પ્રવેશદ્વાર) સુધી મફત શટલ બસ સેવા પણ ઉપલબ્ધ રહેશે. મૂળરૂપે તેમાં પૂર્વ લૉન, સેન્ટ્રલ



લૉન, લૉન્ગ ગાર્ડન અને સર્ક્યુલર ગાર્ડનનો સમાવેશ થતો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ અને રામનાથ કોવિંદના કાર્યકાળ દરમિયાન, વધુ બગીચા વિકસાવવામાં આવ્યા હતા, જેમ કે - હર્બલ-ફર્સ્ટ, ટેક્ટાઈલ ગાર્ડન, બોંસાઈ ગાર્ડન અને આરોગ્ય વનમ. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૪ ઓગસ્ટે અમૃત ઉદ્યાન સમર એન્યુઅલ એડિશન, ૨૦૨૪ના ઉદ્ઘાટનમાં હાજર રહેશે. અમૃત ઉદ્યાન ૧૬ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. પ્રથમ વખત, ૨૯ ઓગસ્ટ, રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે, ફક્ત ખેલાડીઓ માટે જ અનામત રાખવામાં આવશે.

**ઈજાગ્રસ્ત બાળકીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી**

# રાજસ્થાનમાં કન્ટેનર-બાઈક વચ્ચે અકસ્માત : એક જ પરિવારના પાંચ લોકોના કમકમાટીભર્યા મોત

(એ.આર.એલ),જયપુર,તા.૭

દેશમાં છેલ્લા ઘણા સમયથી અકસ્માતના બનાવો વધી રહ્યા છે. તેમાં પણ હાઈવે પર અકસ્માતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ભયાનક અકસ્માતની ઘટના ચિત્તોડગઢ-નિમ્બહેરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બની છે. જેમાં એક કન્ટેનરે બાઈક સવાર પરિવારને કચડી નાખ્યો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક માસૂમ બાળકી ઈજાગ્રસ્ત થઈ હતી. સૂત્રો



પાસેથી મળતી માહિતી મુજબ અકસ્માતની ઘટના ભવલિયા ગામ નજીક રાત્રે બની હતી. આ ઘટનાની જાણ થતાં જ ચિત્તોડગઢ સદર પોલીસ સ્ટેશનના અધિકારી ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી હતી. બાઈક પર સવાર તમામ લોકો એક જ પરિવારના હોવાનું કહેવાય છે.

પોલીસે હાલ અકસ્માતની વધુ તપાસ હાથ ધરી છે અને કન્ટેનર ચાલકની શોધખોળ માટે નાકાબંધી કરી છે. બાઈક પર એક દંપતી, બે યુવકો, એક છોકરી અને એક વર્ષનો માસૂમ બાળક સવાર હતા. આ તમામ લોકો નિંબાહેડા તરફ જઈ રહ્યા હતા ત્યારે બાવળીયા પોલીસ વિસ્તારમાં આ કરૂણ અકસ્માત સર્જાયો હતો.

# ગુજરાત,યુપી,એમપી, રાજસ્થાન સહિત પાંચ રાજ્યો હીટવેવ હોટસ્પોટ બન્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

૨૦૧૩થી ૨૦૨૨ના દાયકામાં ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ત્રિપુરા દેશના ટોચના પાંચ હીટવેવ હોટસ્પોટ બન્યા હતા. આ રાજ્યોમાં ભીષણ ગરમી પડી હતી અને હીટવેવના દિવસોની સંખ્યા પણ વધી હતી, એમ એક વિશ્લેષણમાં જણાવાયું હતું. સ્વતંત્ર વિકાસ સંગઠન આઈપીઈ ગ્લોબલ અને એસ્રી ઈન્ડિયા ટેક્નોલોજીસના મેનેજિંગ મોન્સૂન ઈન વોર્મિંગ ક્લાઈમેટ નામના અહેવાલમાં જણાવ્યું હતું કે દરિયાકાંઠાના પ્રદેશોના ૭૪ ટકા જિલ્લાઓ, મેદાની વિસ્તારના ૭૧ ટકા અને



પહાડીઓ વિસ્તારના ૬૫ ટકા જિલ્લા ભયાનક હીવવેવનો ભોગ બન્યા હતા. ૨૦૧૩-૨૨ના દાયકા દરમિયાન મેદાની અને પહાડી વિસ્તારોના જિલ્લાઓમાં હીટવેવના દિવસોમાં ૩૬ ટકાનો વધારો થયો હતો, આ દાયકાની સૌથી વધુ આત્યંતિક હીટવેવ ઘટના ૨૦૧૫માં બની હતી, જે ૧૯૯૮ની ઘટના પછી બીજી સૌથી ભયંકર ઘટના હતી.

# ઢાકામાં અવામી લીગના નેતાની હોટલમાં આગચંપી : ૨૪ લોકો ભડથું

(એ.આર.એલ),ઢાકા,તા.૭

બાંગ્લાદેશના શેખ હસીનાની સરકારને હટાવવા થયેલા હિંસક આંદોલન અટકવાનું નામ લઈ રહ્યા નથી. ખાસ કરીને અવામી લીગના નેતાઓ અને લઘુમતી હિન્દુઓને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. મોટાપાયે હત્યાઓ થઈ રહી છે. ઢાકામાં અવામી લીગના એક નેતાની હોટલમાં આગચંપી કરતાં ત્યાં હાજર લગભગ ૨૪ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે. જેમાં ઈન્ડોનેશિયાનો એક નાગરિક પણ સામેલ છે. જે આ હોટલમાં રોકાયો હતો. સોમવારે મોડી રાત્રે ટોળાએ જોશોર જિલ્લામાં અવામી લીગના જનરલ સેક્રેટરી શાહીન



ચક્કલદારની માલિકીની જબીર ઈન્ટરનેશનલ હોટલને આગ ચાંપી હતી, જેમાં ૨૪ લોકો માર્યા ગયા હતા. આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાં મોટાભાગના લોકો હોટલમાં રોકાયા હતા. ઢાકાના એક સ્થાનિક પત્રકારે કહ્યું, 'મૃતકોમાં એક ઈન્ડોનેશિયાનો નાગરિક પણ સામેલ છે.' જોશોર જનરલ હોસ્પિટલના ડોકટરોએ પુષ્ટિ કરી છે કે તેઓને ૨૪ મૃતદેહો મળ્યા છે, જ્યારે બચી ગયેલા હોટલ સ્ટાફે ભય વ્યક્ત કર્યો છે કે, કાટમાળ નીચે વધુ મૃતદેહો હોઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અવામી લીગ સરકારનો વિરોધ કરતા રોષે ભરાયેલા ટોળાએ હોટલના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લગાવી હતી જે ઉપરના માળ સુધી ફેલાઈ હતી. બાંગ્લાદેશમાં આ હિંસક આંદોલનમાં અત્યારસુધી ૪૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં અવામી લીગના ૨૦થી વધુ નેતાઓની હત્યા કરવામાં આવી છે. વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપ્યા બાદ દેશ છોડી જતાં રહેતાં બાંગ્લાદેશમાં અરાજકતા ફેલાઈ છે. અત્યારસુધી ૪૪૦ લોકોના મોત થયા છે. દેશમાં સેના આ સ્થિતિને નિયંત્રિત કરવાના પ્રયાસ કરી રહી છે. બાંગ્લાદેશમાં સોમવારે અરાજકતા ફેલાઈ હતી. હસીનાના દેશ છોડવાના સમાચાર ફેલાતાંની સાથે જ સેંકડો લોકો તેમના ઘરમાં ઘૂસી ગયા અને તોડફોડ કરી લૂંટ ચલાવી હતી.

# ત્રીજી વનડેમાં પણ શ્રીલંકા સામે ભારતની ૧૧૦રનથી નાલેશીભરી હાર

કોલંબો, તા.૭

શ્રીલંકાએ ઈતિહાસ બદલ્યો છે અને ૨૭ વર્ષ બાદ ભારતને ODI શ્રેણીમાં હરાવ્યું છે. ટીમે કોલંબોમાં ત્રીજી ODI ૧૧૦ રને જીતી હતી. બુધવારે શ્રીલંકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું અને ૭ વિકેટ ગુમાવીને ૨૪૮ રન બનાવ્યા. જવાબમાં ભારત ૨૬.૧



ઓવરમાં ૧૩૮ રનમાં સમેટાઈ ગયું હતું. શ્રીલંકા તરફથી અવિષ્કા ફર્નાન્ડોએ ૯૬, કુસલ મેન્ડિસે ૫૯ અને પથુમ નિસાંકાએ ૪૫ રન બનાવ્યા હતા. ભારત તરફથી ડેબ્યૂ કરી રહેલા રિયાન પરાગે ૩ વિકેટ ઝડપી હતી. બેટિંગમાં રોહિત શર્માએ ૩૫ રન, વોશિંગ્ટન સુંદરે ૩૦ રન, વિરાટ કોહલીએ ૨૦ રન અને રિયાન પરાગે ૧૫ રન બનાવ્યા હતા. શ્રીલંકા તરફથી દુનિથ વેલ્લાગેએ ૫ વિકેટ ઝડપી હતી. જેફરી વાંડરસે અને મહિષ થિક્સાનાને ૨-૨ વિકેટ મળી હતી.

# નેપાળમાં કાઠમંડુથી ઉડાન ભર્યા પછી હેલિકોપ્ટર પર્વત સાથે અથડાયું: પાંચના મૃત્યુ

(એ.આર.એલ),કાઠમાંડૂ,તા.૭


નેપાળમાં કાઠમંડુના ઉત્તર પશ્ચિમમાં એક પહાડી વિસ્તારમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા.

પોલીસે નુવાકોટની શિવપુરી ગ્રામીણ નગરપાલિકાના વોર્ડ નંબર સાતમાં અકસ્માત સ્થળ



પરથી પાંચ મૃતદેહો મેળવ્યા છે. જીવ ગુમાવનારાઓમાં ચાર ચીની પ્રવાસીઓ પણ સામેલ છે. ૨૪ જુલાઈના રોજ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સૌરી એરલાઈન્સનું પ્લેન ક્રેશ થયાના થોડા જ અઠવાડિયા બાદ આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૧૮ લોકોના મોત થયા હતા, જેમાંથી માત્ર કેપ્ટન જ બચી ગયો હતો. દુર્ઘટના સમયે, 'એર ડાયનેસ્ટી હેલિકોપ્ટર કાઠમંડુથી રાસુવા જઈ રહ્યું હતું. હેલિકોપ્ટરે કાઠમંડુથી બપોરે ૧:૫૪ વાગ્યે ઉડાન ભરી હતી પરંતુ ટેકઓફની ત્રણ મિનિટ પછી સંપર્ક તૂટી ગયો હતો.

એક પોલીસ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અકસ્માત સ્થળ પરથી બે પુરૂષો, એક મહિલા અને પાયલટના મૃતદેહ મળી આવ્યા છે.


एक पेड़ माँ के नाम
75 YEARS
वन महोत्सव
सत्यमेव जयते
ગુજરાત સરકાર
FOREST DEPARTMENT
GOVT. OF GUJARAT
LiFE
Lifestyle for Environmen
“ एक पेड़ माँ के नाम ” અભિયાન
75 મો
વન મહોત્સવ
૨૦૨૪
"હરસિદ્ધિ વન" લોકાર્પણ કાર્યક્રમ
“एक पेड़ माँ के नाम” અભિયાન અંતર્ગત ૧૭ કરોડ રોપા વાવેતરનું આયોજન
રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓ, ૨૫૦ તાલુકાઓ તથા ૫,૫૦૦ ગામોમાં જન ભાગીદારીથી વન મહોત્સવની ઉજવણી
એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ કુલ ૪૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો થકી વાવેતર
રાજ્યમાં ૨૦૦ હેક્ટર વિસ્તારમાં હરિત વસુંધરા યોજના હેઠળ વનકવચ વાવેતર
હરિત વન પથ વાવેતર હેઠળ રાજ્યમાં ૭૦ હેક્ટર (૩૫૦ કિ.મી.) વિસ્તારમાં મોટા રોપાનું વાવેતર
વ્યાપક વૃક્ષારોપણ અને પુનઃસ્થાપન પ્રયાસોના કારણે ગુજરાતમાં મેન્ગ્રુવ કવર ૧,૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું
તારીખ : ૦૮ ઓગસ્ટ, ૨૦૨૪
સમય : સાંજે ૦૪:૦૦ વાગે
સ્થળ : હરસિદ્ધિ માતાજી મંદિર નજીક, ગામ : ગાંધવી,
તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા
આવો, આપણે સૌ સાથે મળી
ગુજરાતને હરિયાળું બનાવીએ